સદ્‌વિચાર પરિવાર
હીરક મહોત્સવ પ્રકાશન શ્રેણી–૧૨



# મોસમની મહેક

## કુમારપાળ દેસાઈ

પ્રકાશક : **સદ્‌વિચાર પરિવાર**
સમર્પણ વિદ્યાપીઠ, રામદેવનગર બસ સ્ટેન્ડ પાસે,
ઈસરો રોડ, જોધપુર ટેકરા, અમદાવાદ–૩૮૦ ૦૧૫

## આમુખ

સદવિચાર પરિવારની સ્થાપનાને ૬૦ વર્ષ પૂર્ણ થતાં ગયા વર્ષથી હીરક મહોત્સવ નિમિત્તે કુલ ૬૦ પુસ્તકોની પ્રકાશનની શ્રેણી શરૂ કરવામાં આવી છે.

ગુજરાતના જાણીતા સાહિત્યકાર, વરિષ્ઠ પત્રકાર, જૈન ધર્મના જ્ઞાતા અને લોકપ્રિય વક્તા ડૉ. કુમારપાળ દેસાઈ દ્વારા આ શ્રેણીમાં **"મોસમની મહેક"** પુસ્તકના પ્રકાશન માટે આપવામાં આવેલા સહયોગ બદલ સદવિચાર પરિવારના ટ્રસ્ટી મંડળ વતી હું તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

ડૉ. કુમારપાળ દેસાઈએ તેમના પિતાશ્રી જયભિખ્ખુ દ્વારા ૬૬ વર્ષ પહેલાં શરૂ કરવામાં આવેલી ગુજરાત સમાચારની લોકપ્રિય કોલમ "ઈંટ અને ઈમારત"ને સતત ચાલુ રાખીને એક વિક્રમસર્જક કાર્ય કર્યું છે. આ પુસ્તકમાં સમાવિષ્ટ તેમના સંક્ષિપ્ત લેખો હકીકતમાં "ગાગરમાં સાગર" ભરી આપવાની કહેવતને સાર્થક કરે છે.

જે રીતે કોઈ કુશળ શિલ્પી બારીક નકશીકામ દ્વારા પોતાની કલાનો પરિચય કરાવે છે, તે જ રીતે ડૉ. કુમારપાળ દેસાઈએ અત્યંત ઓછા શબ્દોમાં વિષયવસ્તુનું સચોટ અને અસરકારક નિરૂપણ કરીને અનેક વિષયો પર મનનીય લેખો આપણને આપ્યા છે.

મને શ્રદ્ધા છે કે આ પુસ્તક સુવિચારના વાચકો, દાતાશ્રીઓ તથા સદવિચાર પરિવારના તમામ શુભેચ્છકોને પસંદ પડશે અને તેમના માટે પ્રેરણારૂપ સાબિત થશે.

**પ્રવીણ ક. લહેરી**
પૂર્વ મુખ્ય સચિવ, ગુજરાત રાજ્ય
મેનેજિંગ ટ્રસ્ટી, સદવિચાર પરિવાર

# મોસમની મહેક

## સદ્વિચાર પરિવાર હીરક મહોત્સવ પ્રકાશન શ્રેણી-૧૨


**લેખક**

**કુમારપાળ દેસાઈ**



-: પ્રકાશક :-

**સદ્વિચાર પરિવાર**

સમર્પણ વિદ્યાપીઠ, રામદેવનગર બસ સ્ટેન્ડ પાસે,

ઈસરો રોડ, જોધપુર ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫

Website: www.sadvicharparivar.org • E-mail: sdparivar.org@gmail.com

● **મોસમની મહેક**

● સદ્‌વિચાર પરિવારના હીરક મહોત્સવ નિમિત્તે પ્રકાશિત

● લેખક : કુમારપાળ દેસાઈ

● પ્રકાશક :

**સદ્‌વિચાર પરિવાર**

સમર્પણ વિદ્યાપીઠ, રામદેવનગર બસ સ્ટેન્ડ પાસે

ઈસરો રોડ, જોધપુર ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫, ગુજરાત

E-mail: sdparivar.org@gmail.com

Website: www.sadvicharparivar.org

● પ્રત : ૧૦૦૦

● મૂલ્ય : રૂ. ૩૫/-

● આવૃત્તિ : પ્રથમ

● મુદ્રક : **પ્રિન્ટ વિઝન પ્રાઈવેટ લિમિટેડ**

આંબાવાડી બજાર, અમદાવાદ-૩૮૦૦૦૬

● **વિતરણ વ્યવસ્થા : સદ્‌વિચાર પરિવાર**

આપનાં સ્નેહી-સ્વજનોને આ ઉપયોગી પુસ્તક આપવું હોય તો શ્રી મિતેષ શાહના મોબાઈલ નંબર : ૯૪૨૭૬૩૧૩૧૩ પર તેમના નામ-સરનામા અને સંપર્ક નંબરની જાણ કરશો.

આ પુસ્તક બાબતે આપનો અભિપ્રાય અથવા સૂચન હોય તો આપ અમને આ ઈ-મેઈલ sdparivar.org@gmail.com અથવા ૬૩૫૩૧૫૨૨૭૯ ઉપર વિગત મોકલી આપશો.

# આરંભે

વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી પર સવાર થઈને દોડતી મનુષ્યજાતિના જીવનમાં આજે ઊર્ધ્વ ભાવનાઓ અને ઉદાત્ત મૂલ્યો દ્રાવણપાત્રમાં આવીને ઠર્યાં છે. માનવી એના અંતરઆત્માની અભિવ્યક્તિને માટે મરણિયો પ્રયાસ કરી રહ્યો છે અને વધી રહેલા આયુષ્યકાળ અને સુખ, સમૃદ્ધિ અને સગવડની ઊંચે ઊછળતી છોળોની વચ્ચે એની ભાવનાઓ, લાગણી અને માનવીય ગુણો ક્યાંક ગૂંગળામણ અનુભવે છે. આવે સમયે માનવતાની સુવાસથી મહેકતા અને સદ્‌વિચારથી શોભતા પ્રસંગોનાં પ્રસંગોનાં ફૂલોની માળા અહીં ગૂંથવામાં આવીછે.

જી.ડી.પી.ના આંકની સાથોસાથ આજે હવે માનવજીવનમાં ‘હેપ્પીનેસ ઇન્ડેક્સ’ વિશે માનવી વિચારવા લાગ્યો છે. ભૌતિક સુવિધાઓની વચ્ચે એના ભીતરનું સુખ ક્યાંય ખોવાઈ ગયું છે અને એવા સમયે માનવઆત્માની ભીતરમાં વસતા સુખનું સ્મરણ કરાવતા પ્રસંગો અહીં ‘મોસમની મહેક’માં આલેખવામાં આવ્યા છે. આપણે જાણીએ છીએ કે ક્યારેક કોઈ ઘટના, પ્રસંગ કે વિચાર ચિત્તને એવા સ્પર્શી જાય છે કે જેને પરિણામે આપણું જીવનદર્શન પરિવર્તન પામે છે. એમાંથી સાંપડેલો બોધ જીવન જીવવાની ચાવી આપે છે. અહીં એવા પ્રસંગો આલેખાયા છે કે જે માનવીનાં મનમાં સદ્‌વિચાર જગાડે અને એને પરિણામે એના જીવનમાં સદ્‌વર્તનનો પ્રભાવ પ્રગટે. સદ્‌વિચાર એ જ સદાચારનો પાયો છે અને આ પ્રસંગો એ પાયારૂપ સદ્‌વિચારને પ્રગટ કરે છે.

‘સદ્‌વિચાર પરિવાર’ના સ્થાપક અને માનવસેવકના ભેખધારી હરિભાઈ પંચાલ સાથે ગાઢ સંબંધ હતો અને તેમણે મારા પિતાશ્રી જયભિખ્ખુના જીવનપ્રસંગોની પુસ્તિકા પણ પ્રગટ કરી હતી. આજે એ જ રીતે સદ્‌વિચાર પરિવાર, ટ્રસ્ટીમંડળ અને એના મારા સહુ શુભેચ્છકોનાં સદ્‌ભાવથી આ પુસ્તક પ્રકાશિત થાય છે. આશા રાખું છું કે આ સદ્‌વિચારનાં પુષ્પો વાચકના જીવનમાં સદાચારની અને માનવતાની સુવાસ ફેલાવશે.

૧૦-૩-૨૦૨૬ **કુમારપાળ દેસાઈ**

અમદાવાદ

# સદ્‌વિચાર પરિવારઃ માનવ સેવાનું સરનામું

શ્રી હરિભાઈ પંચાલ, શ્રી ચંદુભાઈ પ્રજાપતિ અને શ્રી જીતુભાઈ પટેલની સેવાભાવી ત્રિપુટીએ સ્થાપેલ 'સદ્‌વિચાર પરિવાર' વર્ષ ૨૦૨૫માં તેની સેવા યાત્રાનાં ૬૦ વર્ષ પૂરાં કરશે. શ્રી હરિભાઈ પંચાલ દ્વારા સમાજમાં સદ્‌વિચાર પ્રસરે તે માટે 'સુવિચાર' (માસિક)ના પ્રકાશન સાથે અનેક સમાજોપયોગી પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવ્યું હતું. ત્રણસો કરતાં વધારે પુસ્તકો પ્રકાશિત કરી ગુજરાતના લોકોના સંસ્કાર-ઘડતરમાં અને ગુજરાતની અસ્મિતા ઉજાગર કરવામાં શ્રી હરિભાઈ પંચાલ સાથે અનેક સિદ્ધહસ્ત લેખકોએ જે અનન્ય પ્રદાન કર્યું છે તેને હીરક મહોત્સવ પ્રસંગે અંજલિ આપવા માટે આમાંનાં પસંદ કરેલાં પુસ્તકોને પુનઃ પ્રકાશિત કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. 'સુવિચાર'ના તમામ ગ્રાહકોને બે પુસ્તકો આ પ્રસંગે નિઃશુલ્ક મોકલવામાં આવશે. આશા રાખીએ છીએ કે અમારા સૌ આજીવન સભ્યો, 'સુવિચાર'ના વાચકો-દાતાઓ અને શુભેચ્છકોને અમારો આ પ્રયાસ પસંદ આવશે.


**સદ્‌વિચાર પરિવાર ટ્રસ્ટી મંડળ**

- ડો. પંકજ એમ. શાહ 'પદ્મશ્રી' — પ્રમુખ
- પીયૂષ ઓ. દેસાઈ — ઉપપ્રમુખ
- પ્રવીણ ક. લહેરી — મેનેજિંગ ટ્રસ્ટી
- શૈલેશ આઈ. પટવારી — સહમંત્રી
- જિતેન્દ્ર બી. પંચાલ — કોષાધ્યક્ષ
- કે. આર. સિંઘ — ટ્રસ્ટી
- વિનોદ એ. શાહ — ટ્રસ્ટી
- નીના મધુસૂદન શાહ — ટ્રસ્ટી

ગુજરાતના અનોખા આજીવન સેવાના ભેખધારી શ્રી હરિભાઈ પંચાલ દ્વારા ૧૯૬૫માં સ્થપાયેલ 'સદ્‌વિચાર પરિવાર'નો લગભગ છેલ્લાં ૬૦ વર્ષનો ભાતીગળ ઇતિહાસ છે. અનેક મૌલિક વિચારો નવી પહેલ અને પરિવર્તનશીલ સમાજની નાનામાં નાની જરૂરિયાત પૂરી કરવા માટે સદ્‌વિચાર પરિવારે હંમેશાં સંવેદના સાથે કાળજી રાખવા પ્રયત્ન કર્યો છે.

મૂળભૂત રીતે 'જે સારું વિચારશે તે સારું કરશે' તે સૂત્રમાં શ્રદ્ધા સાથે સમાજમાં સૌના દિલમાં સેવાનો દીવડો પ્રગટે તે માટે હરિભાઈએ ૩૦૦થી વધારે પુસ્તકો છપાવીને વિતરણ કર્યું. દર મહિને 'સદ્‌વિચાર'નું મુખપત્ર 'સુવિચાર' આજે ૧૦,૦૦૦ જેટલા પરિવારમાં નિયમિત વંચાય છે. 'સુવિચાર'ના ગ્રાહકો અને વાચકો જ અમારા દાતાઓ છે. તેમના સહયોગથી આજે 'સદ્‌વિચાર પરિવાર' સંસ્થા અનેકવિધ સેવાઓ આપી રહી છે.

## 'સદ્‌વિચાર પરિવાર'ની વિવિધ પ્રવૃત્તિઓ

૧. જે દર્દીઓ ઘરમાં પથારીવશ હોય અથવા હલનચલનમાં મુશ્કેલી અનુભવતા હોય તેમને વિવિધ પ્રકારનાં મેડિકલ સાધનો ખૂબ નજીવા દરે ઘરવપરાશ માટે આપવામાં આવે છે.

૨. માનસિક આરોગ્ય કેન્દ્ર દ્વારા માનસિક અશાંતિ અને હતાશા દૂર કરવા અદ્યતન સારવાર આપવામાં આવે છે.

૩. આજના યુગની જરૂરિયાત પ્રમાણે કમ્પ્યૂટરમાં પ્રાથમિક અને એડ્‌વાન્સ કોર્સ દ્વારા કોઈ પણ ઉંમરની વ્યક્તિને કમ્પ્યૂટર સંચાલન માટે સુસજ્જ કરવામાં આવે છે.

૪. આંજનેય રીડિંગરૂમમાં ૨૫૦ જેટલાં યુવાન-યુવતીઓ સમગ્ર વર્ષ દરમિયાન પ્રવેશ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરે છે.

૫. સદ્‌વિચાર પરિવારના સ્થાપક અને આજીવન સેવાના ભેખધારી શ્રી હરિભાઈ પંચાલની પુણ્ય સ્મૃતિમાં સેવા ક્ષેત્રે સંપૂર્ણ સમર્પણ સાથે ઉત્કૃષ્ટ પ્રદાન કરનારને 'શ્રી હરિભાઈ પંચાલ સેવારત્ન એવોર્ડ' એનાયત કરવામાં આવે છે. દર વર્ષે ૬થી ૧૦ જાન્યુઆરીના પાંચ દિવસો દરમિયાન 'મનનો જમણવાર' યોજીને

સમાજની વિવિધ પ્રતિભાશાળી વ્યક્તિઓને આમંત્રિત કરી તેમનાં વક્તવ્ય યોજવામાં આવે છે.

૬. **અન્નદાન મહાદાન :** સંત પુનિત ખીચડી પ્રસાદ દ્વારા ૧૦૦ જેટલી વ્યક્તિઓને નિઃશુલ્ક ભોજન અને જરૂરિયાતમંદ પરિવારોને રાશનકિટનું વિતરણ કરવામાં આવે છે.

૭. ડૉ. શિલિનભાઈ શુક્લની સ્મૃતિમાં દર મહિનાના બીજા રવિવારે આરોગ્ય વિષયક પ્રવચન દ્વારા નિષ્ણાત ડૉક્ટરો રોગથી બચવા અને જરૂર જણાય તો યોગ્ય સારવાર લેવા માટે માર્ગદર્શન આપે છે.

૮. આજના સમયની તાતી જરૂરિયાતના સંદર્ભે 'સદ્‌વિચાર પરિવાર' સિનિયર સિટીઝન-વડીલો માટે છેલ્લાં પાંચ વર્ષથી કાર્યરત છે. **સદ્‌વિચાર પરિવાર વરિષ્ઠ ગૌરવ ગ્રૂપ:**, ૬૦થી વધુ ઉંમરના સિનિયર સિટીઝન-વડીલો અરસપરસ હળી-મળી આનંદ કરીને જીવનસંધ્યાને ઉત્સવરૂપ બનાવી શકે તે માટે ૩૨૫થી વધુ સભ્યો ધરાવતું આ ગ્રૂપ કાર્યરત છે, જેઓ 'સદ્‌વિચાર પરિવાર'ના પ્રાંગણમાં અઠવાડિયામાં ત્રણ દિવસ ભેગા મળી અનેકવિધ પ્રવૃત્તિઓ કરી રહ્યા છે, તેમના સ્વાસ્થ્ય માટે સમયાંતરે વિવિધ ચેક-અપ કરવામાં આવે છે.

૯. **શ્રી હરિ ડાઈનિંગ હોલ :** શ્રી દિશા ફાઉન્ડેશન પ્રેરિત આ ભોજનાલય તરફથી દરરોજ ૧૦૦ જેટલા વરિષ્ઠ નાગરિકો ઘેરબેઠાં ટિફિન તેમજ ૬૦૦ જેટલી વ્યક્તિઓ ભોજન અને નાસ્તાની સુવિધાનો લાભ લે છે.

૧૦. **મદનમોહન રમણલાલ હોલ :** ૨૫૦ વ્યક્તિઓની ક્ષમતાવાળા આ હોલને ચાર કલાકના ધોરણે સાઉન્ડ સિસ્ટમ, ખુરશી, એરકન્ડિશન જેવી તમામ સુવિધા સાથે સામાજિક, ધાર્મિક પ્રસંગો માટે આપવામાં આવે છે.

૧૧. મેઘમણી ગ્રૂપના સૌજન્યથી સ્વજનની અંતિમયાત્રા માટે અદ્યતન 'મોક્ષવાહિની'ની સેવા નિઃશુલ્ક ઉપલબ્ધ છે.

૧૨. **સ્વજનના મૃત્યુ પ્રસંગે :** વિદેશ વસતાં સંતાનોની અંતિમ સંસ્કારમાં હાજરીની રાહ જોતા પરિવારો માટે એરકન્ડિશન કોફિનની સેવા ઉપલબ્ધ છે.

૧૩. **વડીલોનાં અસ્થિનું વિસર્જનઃ** ચાણોદ-નર્મદા નદી અથવા હરિદ્વાર-ગંગા નદીમાં વિસર્જન માટે અસ્થિ સ્વીકારવામાં આવે છે.

૧૪. **જન-જનને ભોજન:** દાતાઓના સહયોગથી સેંકડો લાભાર્થીઓને દરરોજ દાળ-ભાત, શાક અને રોટલીનું ભોજન નિ:શુલ્ક પૂરું પાડવામાં આવે છે.

૧૫. મહિલા ઉત્કર્ષ કેન્દ્ર તરફથી સફળ મહિલાઓનાં સન્માન, મહિલાઓમાં જાગૃતિ અને તેમના સશક્તીકરણ માટે અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. છેલ્લાં ત્રણ વર્ષથી ૨૦૦૦ + બહેનોને સીવણ, કમ્પ્યૂટરમાં સરકાર માન્ય CCC, ટેલિ, બેકરી, બ્યુટી પાર્લર માટેના બેઝિક અને એડ્વાન્સ લેવલના કોર્સ કરીને સમાજમાં પોતાનું ગમતું અને જરૂરિયાત અનુલક્ષીને કાર્ય કરીને આગળ વધવામાં ‘સદ્‌વિચાર પરિવાર’ સંસ્થા સહાયભૂત બની રહી છે.

૧૬. ગાંધીનગરના ઉંવારસદ ખાતે ‘સદ્‌વિચાર પરિવાર’ સંચાલિત હીરાલક્ષ્મી ભીખાલાલ બેન્કર દિવ્યાંગ પુનર્વાસ કેન્દ્રમાં ૨૦૦ દિવ્યાંગ બાળકોના શિક્ષણ માટે નિવાસી શાળા આવેલ છે. દિવ્યાંગો માટે તેમની શક્તિનું નિદર્શન થાય તેવા કાર્યક્રમો પણ સાથે યોજવામાં આવે છે.

૧૭. સદ્‌વિચાર પરિવાર મેક એ ડિફરન્સ સંસ્થાના સહયોગથી સવાસો જેટલા અતિગરીબ પરિવારનાં બાળકોને સર્વાંગી વિકાસ માટે અનેકવિધ સુવિધાઓ પૂરી પાડે છે.

૧૮. અમદાવાદના નરોડા ખાતે સદ્‌વિચાર પરિવાર હરગોવનદાસ પ્રભુદાસ આંખની હૉસ્પિટલ આવેલ છે, જેમાં દર્દીનાં મોતિયાનાં અદ્યતન ટોપિકલ પદ્ધતિથી ફેકો મશીન દ્વારા લેન્સ મૂકીને ઓપરેશન ખૂબ જ નજીવા દરે કરવામાં આવે છે.

૧૯. સદ્‌વિચાર પરિવારની મણિનગર વિસ્તારમાં આવેલી શાખામાં ફિઝિયોથેરાપી સેન્ટર આવેલ છે. એલ.જી. હૉસ્પિટલ, મણિનગર ખાતે ખીચડી વિતરણનો સવાર-સાંજ અંદાજે ૩૦૦ વ્યક્તિઓ લાભ લે છે. દરરોજ સાંજે બહારગામના ૨૦ દર્દીઓનાં સગાંઓને ટિફિન સેવા, એલ.જી. હોસ્પિટલમાં દરરોજ સવારે અને સાંજે મફત દવાઓનું વિતરણ કરવામાં આવે છે. ત્યક્તા બહેનોને દર મહિને અનાજ સહાય, બીમાર દર્દીઓ માટેની માવજાતનાં સાધનો, લગભગ ૨૫ પ્રકારનાં ડિપોઝિટ લઈ ઓછા ભાડે, હૉસ્પિટલ બેડ, વ્હીલચેર, ઑક્સિજન કોન્સન્ટ્રેટર, સક્શન મશીન, બાયપેપ તથા સીપેપ સુધીનાં સાધનોની સુવિધા ઉપલબ્ધ છે.

૨૦. **શુભમ્ હૉલ :** સંસ્થાના સહયોગથી બે કલાકની સંપૂર્ણ વૈદિકવિધિ સાથે લગ્ન તેમજ તેના રજિસ્ટ્રેશન અંગેની તમામ કાર્યવાહી કરવામાં આવે છે. 'સદ્‌વિચાર પરિવાર'નાં રામદેવનગર અને નરોડા બંને સેન્ટર ઉપર આ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

૨૧. સદ્‌વિચાર પરિવાર 'પરિણય મેરેજ બ્યૂરો' સાથે રહીને આજના સમયની બદલાતી સ્થિતિ અનુસાર જીવનસાથીની શોધ માટે મેરેજ બ્યૂરોની સુવિધા પણ પૂરી પાડવામાં આવે છે.

૨૨. **ડૉ. કે.આર. શ્રોફ સેવા સદન-સિનિયર સિટીઝન, વડીલો માટે આરોગ્ય વિષયક સેવાઓ:** આ પ્રવૃત્તિ કરતાં સમાજની આજની સ્થિતિ જોતાં અમને અનુભવે જણાયું કે પથારીવશ વડીલો, વિદેશમાં સંતાનો હોય અને તેમનાં માતા-પિતા એકલાં રહેતાં હોય, પોતાના પાત્રનું મૃત્યુ થતાં એકલા અને બીમાર પથારીવશ થતા વડીલો એમ એવા કેટલાય વડીલોની આરોગ્ય વિષયક કાળજી માટેનું સ્થળ એટલે સદ્‌વિચાર પરિવારનું ચાર માળનું 'ડો. કે.આર. શ્રોફ સેવા સદન'. જ્યાં વડીલો અને જરૂરિયાતમંદ વ્યક્તિઓ માટે અદ્યતન ફિઝિયોથેરાપી અને ઓક્યુપેશનલ થેરાપી સેન્ટર, ડેન્ટલ ક્લિનિક, ફાર્મસી, લેબોરેટરી સેવાઓ, જે દર્દીઓ ઘરમાં પથારીવશ હોય અથવા હલનચલનમાં મુશ્કેલી અનુભવતા હોય તેમને વિવિધ પ્રકારનાં મેડિકલ સાધનો ખૂબ નજીવા દરે ઘરવપરાશ માટે આપવામાં આવે છે.

૨૩. વરિષ્ઠ નાગરિકો માટે આધુનિક રિહેબિલિટેશન સેન્ટર ૪૦ બેડ્સની ક્ષમતા સાથે ઉપલબ્ધ છે. આંખોના જતન માટે કોમ્યુનિટી આંખની હોસ્પિટલ તેમજ હેલ્થ કેર સહાય માટે તાલીમ કેન્દ્ર, વરિષ્ઠ નાગરિકો માટે મલ્ટિ-સ્પેશિયાલિટી ક્લિનિક, મહિલાઓ માટે મલ્ટિ-સ્પેશિયાલિટી ક્લિનિક, બાળકો માટે ક્લિનિક, જરૂરિયાતમંદ માટે નિઃશુલ્ક અથવા ખૂબ નજીવા દરે દવાખાનું, માનસિક આરોગ્ય ક્લિનિક, કૉન્ફરન્સ હોલ, વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરવા માટે જગ્યા 'ડૉ. કે.આર. શ્રોફ સેવા સદન'માં આવેલ છે.

૨૪. દર શુક્રવારે તમામ બહેનો માટે સંપૂર્ણ શારીરિક તપાસ સંબંધિત વિષયોના નિષ્ણાત ડૉક્ટરો દ્વારા કરી આપવામાં આવે છે. આ સાથે બ્રેસ્ટ કેન્સરની પ્રિવેન્શન તપાસ પણ કરવામાં આવે છે. આરોગ્ય સંકુલ મારફત સરેરાશ મહિનાના ૧૧૫૦થી વધુ ઓપીડી દર્દીઓને નિઃશુલ્ક દવા આપવામાં આવે છે.

વિવિધ રોગોના નિષ્ણાત તબીબો દ્વારા નિદાન અને સારવારની સુવિધા ખૂબ જ વાજબીદરે ઉપલબ્ધ છે.

૨૫. **જનરલ ડ્યૂટી આસિસ્ટન્ટ કોર્સઃ** ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માન્ય જનરલ ડ્યૂટી આસિસ્ટન્ટ સર્ટિફિકેટ કોર્સમાં નિઃશુલ્ક રીતે અમારા અનુભવી ડૉક્ટરો તથા ટ્રેઈનરો દ્વારા વર્ગશિક્ષણ તથા પ્રાયોગિક તાલીમ આપવામાં આવે છે. ત્રણ મહિનાની તાલીમ બાદ પેઈડ ઇન્ટર્નશિપની જોગવાઈ તેમજ રોજગાર મેળવવામાં પણ સહાય આપવામાં આવે છે.

૨૬. 'સદ્વિચાર પરિવાર' સંચાલિત ચીનુભાઈ આર. શાહ કમ્પ્યૂટર એન્ડ લેંગ્વેજ એકેડેમીમાં ભારતીય અને વિદેશી ભાષા શિખવાડવામાં આવે છે, જેવી કે ગુજરાતી, સંસ્કૃત, સ્પેનિશ, અંગ્રેજી, ઇટાલિયન, ફ્રેન્ચ, જર્મન, રશિયન વગેરેના તાલીમવર્ગો માટે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી માધ્યમ થકી અનુભવી ફેકલ્ટી દ્વારા શિખવાડવામાં આવશે, જેનો તમે લાભ લઈ શકશો.

૨૭. 'સદ્વિચાર પરિવાર'ના પ્રાંગણમાં સોમવારથી શનિવાર દરરોજ સાંજના છ થી સાત વાગ્યા દરમિયાન ભાઈઓ અને બહેનો માટે યોગના વર્ગો નિયમિત રીતે ચાલે છે, જેમાં આપ સૌ લાભ લઈ શકશો.

૨૮. હોમ હેલ્થ કેર વાન સર્વિસની વ્યવસ્થા ઉપલબ્ધ છે, જેમાં જે વડીલો હૉસ્પિટલ આવી શકતા ન હોય અથવા ઘરેથી સારવાર મેળવવી હોય તેવા વડીલો માટે પ્રાથમિક આરોગ્ય તપાસ અને કાળજી પૂરી પાડી શકાય તેવા શુભાશયથી હોમ હેલ્થ કેર વાનની સેવા ઉપલબ્ધ છે.

૨૯. તેજસ્વી-જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને તેમનો અભ્યાસ પૂર્ણ કરવા માટે યોગ્ય રકમ લોન સહાય તરીકે આપવા માટે દક્ષાબહેન પંકજભાઈ શાહ એજ્યુકેશન ફંડ (શિક્ષણનિધિ)માંથી આપવામાં આવે છે.

૩૦. જે દાતાશ્રીઓ દ્વારા સ્વજનની સ્મૃતિમાં રૂપિયા એક લાખ કે તેથી વધારે રકમનું દાન આપવામાં આવશે તેમની ઈચ્છા મુજબ મુખ્ય કચેરીની તકતીમાં નામ, 'સદ્વિચાર પરિવાર'નું આજીવન સભ્યપદ આપવામાં આવશે. 'સુવિચાર' ના ગ્રાહકોનો મોકલવામાં આવેલા લવાજમ માટે નામ સાથે આભાર પ્રગટ કરવામાં આવશે.

૩૧. સદ્વિચાર પરિવારના ઉંવારસદ ખાતે આવેલ શ્રીમતી સવિતાબહેન હસમુખલાલ કૌશલ્ય નિર્માણ કેન્દ્રમાં કુલ સાત કોર્સ, જેવા કે ૧. બ્યુટી પાર્લર,

## આમુખ

સદવિચાર પરિવારની સ્થાપનાને ૬૦ વર્ષ પૂર્ણ થતાં ગયા વર્ષથી હીરક મહોત્સવ નિમિત્તે કુલ ૬૦ પુસ્તકોની પ્રકાશનની શ્રેણી શરૂ કરવામાં આવી છે.

ગુજરાતના જાણીતા સાહિત્યકાર, વરિષ્ઠ પત્રકાર, જૈન ધર્મના જ્ઞાતા અને લોકપ્રિય વક્તા ડૉ. કુમારપાળ દેસાઈ દ્વારા આ શ્રેણીમાં **"મોસમની મહેક"** પુસ્તકના પ્રકાશન માટે આપવામાં આવેલા સહયોગ બદલ સદવિચાર પરિવારના ટ્રસ્ટી મંડળ વતી હું તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

ડૉ. કુમારપાળ દેસાઈએ તેમના પિતાશ્રી જયભિખ્ખુ દ્વારા ૬૬ વર્ષ પહેલાં શરૂ કરવામાં આવેલી ગુજરાત સમાચારની લોકપ્રિય કોલમ "ઈંટ અને ઈમારત"ને સતત ચાલુ રાખીને એક વિક્રમસર્જક કાર્ય કર્યું છે. આ પુસ્તકમાં સમાવિષ્ટ તેમના સંક્ષિપ્ત લેખો હકીકતમાં "ગાગરમાં સાગર" ભરી આપવાની કહેવતને સાર્થક કરે છે.

જે રીતે કોઈ કુશળ શિલ્પી બારીક નકશીકામ દ્વારા પોતાની કલાનો પરિચય કરાવે છે, તે જ રીતે ડૉ. કુમારપાળ દેસાઈએ અત્યંત ઓછા શબ્દોમાં વિષયવસ્તુનું સચોટ અને અસરકારક નિરૂપણ કરીને અનેક વિષયો પર મનનીય લેખો આપણને આપ્યા છે.

મને શ્રદ્ધા છે કે આ પુસ્તક સુવિચારના વાચકો, દાતાશ્રીઓ તથા સદવિચાર પરિવારના તમામ શુભેચ્છકોને પસંદ પડશે અને તેમના માટે પ્રેરણારૂપ સાબિત થશે.

**પ્રવીણ ક. લહેરી**
પૂર્વ મુખ્ય સચિવ, ગુજરાત રાજ્ય
મેનેજિંગ ટ્રસ્ટી, સદવિચાર પરિવાર

૨. બેકરી, ૩. ઈલેક્ટ્રિક વાયરિંગ, ૪. રેફ્રિજરેટર, ૫. કૉમ્પ્યૂટરમાં CCC અને ટેલિ, ૬. ઈન્સ્ટ્રિયલ સીવણ, ૭.કન્ઝ્યુમર સર્વિસ અને રિટેલિંગનો કોર્સ ગાંધીનગર અને આસપાસના વિદ્યાર્થીઓ-બહેનો માટે ખૂબ જ નજીવા દરે પોતાની સ્કિલને ડેવલપ કરવા માટેની વ્યવસ્થા ઉપલબ્ધ છે.

૩૨. સદ્‌વિચાર પરિવાર સેટેલાઈટ ખાતે રેડ ક્રોસના સહયોગથી પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્ર સાથે પેથોલોજી લેબોરેટરીની સેવા રાહતદરે ઉપલબ્ધ છે, જેના થકી વિવિધ પ્રકારના રિપોર્ટસની સુવિધા અત્યાધુનિક ઈક્વિપમેન્ટ દ્વારા અને નિષ્ણાત તથા ટેક્‌નિકલ સ્ટાફ દ્વારા ઉપલબ્ધ છે, સાથે સ્ટોરમાં ૨૧૦૦ કરતાં વધુ જેનરિક દવાઓ તથા ૧૫૦થી વધુ સર્જિકલ ઉપકરણો બજારભાવ કરતાં અંદાજે ૫૦ થી ૯૦% કરતાં ખૂબ સસ્તા ભાવમાં સર્વે નાગરિકો માટે ઉપલબ્ધ છે.

આ વિવિધ સેવાઓનો લાભ વધુમાં વધુ લોકો સુધી પહોંચે એ ઉદ્દેશ સાથે આ સેવાની ધૂણી જેમણે પ્રજ્વલિત કરી છે એવા ‘સદ્‌વિચાર પરિવાર’ના સ્થાપક સ્વ. શ્રી હરિભાઈ પંચાલની મૂલ્યનિષ્ઠ વિચારધારા ઉપર અવલંબિત સંસ્થાના સમગ્ર ટ્રસ્ટીગણશ્રીઓ પૂરી નિષ્ઠા અને સમર્પણ સાથે કાર્યરત છે.

અમારી સેવાઓ અંગે વધુ માહિતી માટે

તમે અમારો સંપર્ક E-mail: sdparivar.org@gmail.com અને આરોગ્યલક્ષી સેવાઓની માહિતી માટે અમારા સેવા સદનના હેલ્પલાઈન નંબરઃ ૯૮૯૮૩૭૭૭૦૦ ઉપર સંપર્ક કરી શકશો.

વધુ માહિતી માટે અમારી Website: www.sadvicharparivar.orgની મુલાકાત પણ લેતા રહેશો.

આ પુસ્તક આપ સૌને ઉપયોગી થઈ શકે એ ભાવના સાથે ‘સદ્‌વિચાર પરિવાર’ની સ્થાપનાના ૬૦મા વર્ષની ઉજવણી એવા ષષ્ટી પર્વના ભાગરૂપે પુસ્તકમાં રહેલા વિચારભાવને અમે આપની સમક્ષ આ પુસ્તકરૂપે પ્રકાશિત કરી રહ્યા છીએ.

# સદ્‌વિચાર પરિવાર

| ક્રમ | વિગત | ક્રમ | યોજનાનું નામ | દૈનિક/ માસિક | દાનની રૂ.જરૂરિયાત | લાભાર્થીની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | અન્નદાન મહાદાન | ૧ | સંત પુનિત ખીચડી પ્રસાદ | દૈનિક | ૧૫૦૦/- | ૧૨૫ |
| ૨ | | ૨ | જન-જનને ભોજન | દૈનિક | ૪૫૦૦/- | ૧૫૦ |
| ૩ | | ૩ | જરૂરિયાતમંદ પરિવારોને રાશન યોજના | માસિક | ૩૫૦૦/- | ૪૦ |
| ૪ | | ૪ | ઉંવારસદ દિવ્યાંગ બાળકો માટે સાદું ભોજન | એક ટંકના | ૧૦,૦૦૦/- | ૯૫ |
| ૫ | | ૫ | ઉંવારસદ દિવ્યાંગ બાળકો માટે મિષ્ટાન્ન સાથે ભોજન | એક ટંકના | ૧૨,૦૦૦/- | ૯૫ |
| ૬ | | ૬ | ઉંવારસદ દિવ્યાંગ બાળકો માટે સવારનો ચા-નાસ્તો | એક ટંકના | ૩૦૦૦/- | ૯૫ |
| ૭ | | ૭ | ઉંવારસદ દિવ્યાંગ બાળકો માટે બપોરનો નાસ્તો | એક ટંકના | ૨૦૦૦/- | ૯૫ |
| ૮ | | ૮ | રીડિંગરૂમના વિદ્યાર્થીઓ માટે ભોજન સહાય | એક ટંકના | ૭૦/- | ૧૧૦ |
| ૯ | વિદ્યાભ્યાસ | ૧ | વિદ્યાર્થીઓ માટે ગણવેશ (એક વિદ્યાર્થી માટે) | બે જોડ | ૧૦૦૦/- | ૯૫ |
| ૧૦ | | ૨ | નોટબુક - સ્ટેશનરી | વિદ્યાર્થીદીઠ | ૫૦૦/- | ૯૫ |
| ૧૧ | | ૩ | દફતર | વિદ્યાર્થીદીઠ | ૩૦૦/- | ૯૫ |
| ૧૨ | | ૪ | દિવ્યાંગ વિદ્યાર્થી માટે ટ્રાઈસિકલ | વિદ્યાર્થીદીઠ | ૧૧,૦૦૦/- | ૯૫ |
| ૧૩ | | ૫ | દિવ્યાંગ વિદ્યાર્થીઓને રમત-ગમત અને સંગીતનાં સાધનો (લિસ્ટ કચેરીમાંથી મળશે) | | ૨૦૦૦થી ૧૦,૦૦૦/- | ૯૫ |
| ૧૪ | | ૬ | કૉમ્પ્યૂટર સહાય | | ૩૫,૦૦૦/- | |
| ૧૫ | ગૌશાળા | ૧ | ગૌશાળાની એક ગાય દત્તક | | ૩૧,૦૦૦/- | |
| ૧૬ | | ૨ | એક દિવસનો ઘાસચારો | દૈનિક | ૧૧૦૦/- | |
| ૧૭ | કૉમ્યુનિટી હૉલ | ૧ | ચાર કલાકના ભાડા સાથે એ.સી., ખુરશી, માઈક સ્પીકર સાથે સગવડ | | ૨૦,૦૦૦/- | ૧૫૦ |
| ૧૮ | સેવા સદન | ૧ | વડીલ માવજત કેન્દ્ર અંતર્ગત ૪૦ બેડની વ્યવસ્થા સાથે માટેની રહેવાની તથા મેડિકલ સુવિધા | દૈનિક | ૫૫૦/- | ૪૦ |
| ૧૯ | | ૨ | વડીલો માટે ભોજન | એક ટંકના | ૯૦/- | |

# અનુક્રમણિકા


| ક્રમ | શીર્ષક | પાના નંબર |
|---|---|---|
| ૧. | તારી મામૂલી ભેટ મારી મહામૂલી શાંતિ છીનવી લેશે ! | ૧ |
| ૨. | બેટા, કોલસા અને ચંદનનો ભેદ સમજજે ! | ૨ |
| ૩. | તમે સાગર બનશો કે નદી થશો ? | ૪ |
| ૪. | આચરણ વિનાનો ઉપદેશ અર્થહીન છે ! | ૫ |
| ૫. | રાજાએ પ્રધાનમંત્રીપદ માટે વિચિત્ર શરત મૂકી ! | ૬ |
| ૬. | પીડા વિના પુરસ્કાર નથી ! | ૮ |
| ૭. | પાલખીમાં બેસવાનો હક્ક મારી કલાને છે ! | ૯ |
| ૮. | જે સ્વયંને ભૂલે, તે જ શિષ્ય બની શકે ! | ૧૧ |
| ૯. | આબાદ વેશ ભજવવો એ મારી કલા છે ! | ૧૩ |
| ૧૦. | સહુ કોઈ મરણથી ભય અનુભવે છે ! | ૧૫ |
| ૧૧. | ધન પ્રજાનું, તો રાજાનો ભંડાર કઈ રીતે ? | ૧૭ |
| ૧૨. | સેવાની યોગ્યતા વિના રાજપદ શોભે નહીં ! | ૧૯ |
| ૧૩. | તર્કજાળમાં સત્ય કદી ફસાતું નથી ! | ૨૧ |
| ૧૪. | સંકટમાં તો માતૃભાષા જ કામ લાગે ! | ૨૨ |
| ૧૫. | ઊભા ઊભા વાતો કરીને ભયાવહ રાત વિતાવી. | ૨૪ |
| ૧૬. | મારા ફળનું આ છે મૂલ્ય ! | ૨૬ |
| ૧૭. | અહંકારી તલવાર સારી કે વિનમ્રતાભરી સોય ? | ૨૭ |
| ૧૮. | ભીડ સમયે ભગવાન છોડી જાય તે કેવું ? | ૨૮ |
| ૧૯. | તમને મારી સેવાનો અવસર આપું છું ! | ૩૦ |
| ૨૦. | પહેલાં ઘોર ઉપેક્ષા અને પછી પૂર્ણ આદર ? | ૩૨ |
| ૨૧. | રામ ! તમે ક્યારેય અયોધ્યા આવશો નહીં ! | ૩૪ |
| ૨૨. | ભારો સૂતળીથી નહીં, દોરડાથી બંધાય ! | ૩૬ |
| ૨૩. | બે નાવ પર સવાર થનાર ભટકી જાય છે ! | ૩૮ |
| ૨૪. | સુવર્ણની ઈંટ તારે માટે અવરોધરૂપ પથ્થર હતી ! | ૪૦ |
| ૨૫. | હું મારી ઊર્જા નષ્ટ કરવા માગતો નથી ! | ૪૧ |

# ૧. તારી મામૂલી ભેટ મારી મહામૂલી શાંતિ છીનવી લેશે !

અર્વાચીન ભારતના મહાન સંત રામકૃષ્ણ પરમહંસ સંસારમાં હોવા છતાં સંસારથી જલકમલવત્ રહ્યા હતા. સત્યની શોધ માટે એમણે અનેક ધર્મોની સાધનાપદ્ધતિનો અભ્યાસ કર્યો હતો. અનેક લોકો એમની પાસે ઉપદેશ સાંભળવા આવતા હતા.

એક વાર એક ધનવાન રામકૃષ્ણ પરમહંસ પાસે આવ્યા. એમના ચરણે ધરવા માટે એ સારી એવી રકમ લઈને આવ્યા હતા. એમણે સંતને વિનંતી કરી,

'મહારાજ, મારી આ મામૂલી ભેટ સ્વીકારો. તમે તો નિઃસ્પૃહી છો, કિંતુ આનો કોઈ સારા કામમાં ઉપયોગ કરજો.'

રામકૃષ્ણ પરમહંસે કહ્યું, 'ના ભાઈ, એ મારે માટે શક્ય નથી. આ મામૂલી ભેટથી તો મારા મનની મહામૂલી શાંતિ હણાઈ જાય.'

ધનવાને આશ્ચર્ય સાથે પૂછ્યું, 'આને અને વળી આપના મનની શાંતિને શો સંબંધ? આપ તો મનોવિજયી છો.'

'જો ભાઈ, તારા પૈસા લઉં તો મારું ચિત્ત એમાં રહે. એના વિચાર આવે અને એથી મારા મનની શાંતિનો ભંગ થઈ જાય.'

ધનવાને દલીલ કરતાં કહ્યું, 'મહારાજ, આપ તો પરમહંસ છો. આ સંસારમાં જલકમલવત્ આપનું જીવન છે. આપનું મન તો તેલના ટીપા જેવું છે, જે કંચન અને કામિનીના મહાસાગરમાં રહે, તો પણ સદાય એનાથી અલિપ્ત રહે તેવું છે.'

રામકૃષ્ણ પરમહંસે ગંભીરતાથી કહ્યું, 'તને ખબર હશે કે નહીં એની મને ખબર નથી, પરંતુ ગમે તેટલું સારું તેલ હોય, તો પણ જો એ વધારે દિવસ પાણીમાં રહે તો તે પાણીને મલિન અને દૂષિત કરે છે, સમજ્યો ?'

સંતની વાતનો મર્મ પારખીને ધનવાને ભેટ આપવાનો આગ્રહ છોડી દીધો.

# ૨. બેટા, કોલસા અને ચંદનનો ભેદ સમજજે !

હકીમ લુકમાને પોતાની આખી જિંદગી ગરીબોની સેવા માટે સમર્પિત કરી હતી. એમનો અંતિમ સમય નજીક આવ્યો, ત્યારે એમણે એમના પુત્રને બોલાવીને કહ્યું,

'મેં મારું આખું જીવન શિક્ષા અને સેવામાં સમર્પિત કર્યું છે. હવે મારા અંતિમ સમયે તને કેટલીક જરૂરી વાત કહેવા ચાહું છું.'

હકીમ લુકમાનનો યુવાન પુત્ર પિતાના જીવનસંદેશને સાંભળવા આતુર હતો તેથી એણે કહ્યું, 'હા, મારે પણ તમારી પાસેથી જીવનનો કોઈ બોધ પામવો છે.'

'બેટા, એક કોલસાનો ટુકડો અને ચંદનકાષ્ઠનો ટુકડો લઈ આવ. પછી હું તને મારી વાત કરું.'

યુવાનને પિતાની આ વાત સમજાઈ નહીં, તેમ છતાં એમનો આદેશ હોવાથી એ રસોડામાંથી કોલસાનો એક ટુકડો લઈ આવ્યો અને સંયોગવશાત્ એના ઘરમાંથી ચંદનનો ટુકડો પણ મળી ગયો. બંને લઈને એ પિતા પાસે આવ્યો.

હકીમ લુકમાને કહ્યું, 'તારા એક હાથમાં કોલસો અને બીજા હાથમાં ચંદન રાખ અને પછી બરાબર જોરથી મુઠ્ઠી વાળ.' થોડી વાર થઈ એટલે હકીમ લુકમાને કહ્યું, 'હવે એ બંનેને નીચે ફેંકી દે.'

યુવાન હાથ ધોવા જતો હતો, ત્યારે હકીમ લુકમાને કહ્યું, 'જરા, ઊભો રહે બેટા, તારા હાથ તો બતાવ !' અને એમણે કોલસાવાળો હાથ જોઈને કહ્યું, 'જો, કોલસો પકડતાં જ તારા હાથ કાળા થઈ ગયા. એથીય વધારે તેં કોલસો ફેંકી દીધો, છતાં હાથની કાળાશ દૂર થઈ નથી. દુષ્ટ માણસોનો સંગ આવો હોય છે. એમની સાથે રહેવાથી તો દુઃખ થાય, પરંતુ એ ન હોય તો પણ જીવનભર બદનામીની કાળાશ ચોંટી જાય છે.'

એના બીજા હાથને હાથમાં લઈને કહ્યું, 'સજ્જનોનો સંગ એ ચંદનના ટુકડો જેવો છે. જે હંમેશાં આપણી સાથે રહે છે અને દુનિયાભરનું જ્ઞાન આપે છે. એનો સાથ છૂટે, તો પણ એના વિચારોની મહેક આપણી સાથે જીવનભર રહે છે, માટે હંમેશાં ચંદનની સુવાસ આપતા સજ્જન લોકો સાથે સંગતિ રાખીશ, તો તારું જીવન સુખી થશે.'

## ૩. તમે સાગર બનશો કે નદી થશો ?

સુખદેવ ઋષિના તેજસ્વી શિષ્ય અનુજમાં ધીરે ધીરે શાસ્ત્રજ્ઞાનનો ગર્વ ઊભરાવા લાગ્યો. એ ગર્વપોષક નિમિત્તોની વચ્ચે અહર્નિશ રહેવા લાગ્યો. સમય જતાં એ સુખદેવ ઋષિના અન્ય શિષ્યોને પોતાનાથી હીન, અજ્ઞાની અને અલ્પ બુદ્ધિમાન સમજવા લાગ્યો. એ અમુક શિષ્યો તરફ ઉપેક્ષા સેવવા લાગ્યો, તો કોઈને અહંકારી વચનોના ડામ આપવા લાગ્યો.

સુખદેવ ઋષિએ જોયું કે જ્ઞાનનો અહંકાર પોતાના વિદ્વાન શિષ્યને અવળે માર્ગ લઈ જઈ રહ્યો છે, તેથી એક દિવસ એને સાચી સમજણ આપવા માટે સાગરના કિનારે લઈ ગયા. સર્વત્ર વિશાળકાય સાગર પથરાયેલો હતો. એમાં ઊંચે ઊછળતાં અને નીચે પડતાં મોજાંઓનું મનભર નૃત્ય નજરે પડતું હતું. ગુરુએ પોતાના શિષ્ય અનુજને કહ્યું, 'કેવો છે આ સાગર ? પ્રિય શિષ્ય, એના જળનું થોડું આચમન કરો.' જ્ઞાની અનુજે સાગર જળને મોંમાં લેતાં જ મોઢું બગાડીને એ પાણીનો કોગળો કરી નાખ્યો અને કહ્યું, 'અરે ગુરુજી, આ સાગરનું પાણી તો કેટલું બધું ખારું છે ! મારા મુખનો સ્વાદ બગડી ગયો. આવા પાણીનો શો અર્થ?'

સુખદેવ ઋષિએ હળવું હાસ્ય કરીને શિષ્યને કહ્યું, 'ચાલ, જરા આગળ જઈએ.' બંને એક નદી પાસે આવ્યા. નદીનો પ્રવાહ ખળખળ વહેતો હતો. આજુબાજુ ખેતરો લહેરાતાં હતાં. પનિહારીઓ ઘડામાં નદીનું જળ ભરતી હતી. ગુરુએ શિષ્ય અનુજને કહ્યું, 'જરા નદીના જળનું તો આચમન કરી લે.'

અનુજે નદીનું પાણી લઈને પીધું. એ અત્યંત ઠંડું અને મીઠું લાગ્યું. એણે કહ્યું પણ ખરું, 'પાણી તો બધે, પણ સાગરનું કેવું અને નદીનું કેવું?'

ગુરુએ કહ્યું, 'શિષ્ય, સાગર એ અહંકારનું રૂપ છે. એ બધું જ પોતાનામાં ભરી રાખે છે, તેથી એનું જળ કેવું ખારું છે! એ કોઈના કશાય ઉપયોગમાં આવતું નથી, જ્યારે નદી એનું પાણી વહેંચે છે, એ ખેડૂતને આપે છે અને પનિહારીઓને પણ આપે છે. એનાથી અનાજ ઊગે છે અને લોકોનું પેટ ઠરે છે. એને કારણે એના જળમાં મીઠાશ છે. વ્યક્તિએ અહંકારને પોતાની પાસે ફરકવા દેવો જોઈએ નહીં, નહીં તો એની હાલત સઘળું જળ પોતાનામાં સમાવતા સાગર જેવી થશે. એણે નદીની જેમ વહેતા, હરતા, ફરતા અને સહુને ઉપયોગી બનતા રહેવું જોઈએ, ખરું ને શિષ્ય અનુજ?'

વિદ્વાન શિષ્ય ગુરુની ટકોર પામી ગયો.

# ૪. આચરણ વિનાનો ઉપદેશ અર્થહીન છે !

ભગવાન બુદ્ધ પોતાના ભિખ્ખુઓ સાથે બિહારના મગધ પ્રદેશમાં વિહાર કરતા હતા અને સાથોસાથ એમની ઉપદેશધારા ગામે ગામ વહેતી હતી. આ ઉપદેશ સાંભળવા વિશાળ જનમેદની ઊભરાતી હતી. વળી તે પછી પણ ભગવાન બુદ્ધ વ્યક્તિગત રીતે મળવા આવનારા જિજ્ઞાસુઓના પ્રશ્નનું સમાધાન કરતા હતા.

એક દિવસ વિહારમાં બિરાજમાન ભગવાન બુદ્ધને મળવા આવેલા જિજ્ઞાસુએ નિસાસો નાખતાં કહ્યું,

'છેલ્લા એક મહિનાથી હું આપનો ઉપદેશ સાંભળું છું. એક ધ્યાને સાંભળું છું. એને બરાબર સ્મરણમાં રાખું છું, પણ કોણ જાણે કેમ, મારા જીવન પર આપના ઉપદેશનો કોઈ પ્રભાવ જોવા મળતો નથી. પહેલાં જેવું મારું જીવન હતું, એવું જ અત્યારે છે. આનું કારણ શું ? મારી મર્યાદા કે પછી બીજું કંઈ ?'

ભગવાન બુદ્ધે વળતો પ્રશ્ન કર્યો, 'તમે શ્રાવસ્તી નગરીના નગરજન છો ને ? તો મને કહેશો કે અહીંથી શ્રાવસ્તી કેટલું દૂર આવ્યું ?'

એણે શ્રાવસ્તીનું અંતર કહ્યું એટલે ભગવાન બુદ્ધે પૂછ્યું, 'તમે શ્રાવસ્તી નગરીમાંથી અહીં આવો છો અને પાછા જાવ છો, તો કઈ રીતે જાવ છો?'

એણે કહ્યું, 'ક્યારેક અશ્વ પર જાઉં છું, તો ક્યારેક ગાડામાં બેસીને જાઉં છું.'

'અહીંથી શ્રાવસ્તી પહોંચતાં કેટલો સમય લાગે છે ?'

જિજ્ઞાસુએ હિસાબ લગાવીને સમય બતાવ્યો, ત્યારે બુદ્ધે કહ્યું, 'તમે અહીં બેઠા બેઠા શ્રાવસ્તી નગરીમાં પહોંચી શકો ખરા?'

જિજ્ઞાસુએ પરમ આશ્ચર્ય વ્યક્ત કર્યું. એણે કહ્યું, 'આપ કેવી વાત કરો છો ? અહીં બેઠા બેઠા હું કઈ રીતે શ્રાવસ્તી નગરીમાં પહોંચી શકું ? અહીંથી શ્રાવસ્તી પહોંચવા માટે કોઈ વાહન તો જોઈએ જ.'

ભગવાન બુદ્ધે હસતાં હસતાં કહ્યું, 'આનો અર્થ એ છે કે લક્ષ્ય સુધી પહોંચવા માટે તમારે પ્રયત્ન કરવો જરૂરી છે. મારી સારી વાતોનો પ્રભાવ તમારા પર ત્યારે જ પડે કે જ્યારે તમે એનું તમારા જીવનમાં આચરણ કરવાનો પ્રયત્ન કરો. કોઈ પણ જ્ઞાન ત્યારે જ સાર્થક થાય છે, જ્યારે એને વ્યવહાર-જીવનમાં ઉતારવામાં આવે. માત્ર પ્રવચન કે ઉપદેશ સાંભળે કશું વળતું નથી.'

જિજ્ઞાસુને પોતાની ભૂલ સમજાઈ.

## ૫. રાજાએ પ્રધાનમંત્રીપદ માટે વિચિત્ર શરત મૂકી !

રાજા નૃપસિંહે પ્રધાનમંત્રી પદ માટેના ઉમેદવારોમાંથી અંતે ત્રણની પસંદગી કરી. આ ત્રણેય વ્યક્તિ સમાન વિદ્વત્તા ધરાવતી હતી, તેથી રાજાને એમના જ્ઞાનની પરીક્ષા કરવાની કશી જરૂર નહોતી. માત્ર એમની કોઠાસૂઝ અને વ્યવહારકુશળતાની કસોટી આવશ્યક હતી.

રાજાએ ત્રણેય ઉમેદવારોને કહ્યું, 'જુઓ, તમને ત્રણેયને જુદા જુદા ખંડમાં બંધ કરી દઈશું, બહારથી એના પર તાળું લગાવીશું. તમારામાંથી જે કોઈ પણ વ્યક્તિ અડધા કલાકમાં તાળું ખોલીને બહાર આવી જાય, એને હું રાજનો પ્રધાનમંત્રી બનાવીશ.'

રાજાની આવી શરત સાંભળીને ત્રણે ઉમેદવારો આશ્ચર્યચકિત થયા. એમને થયું કે ખંડ બંધ હોય અને બહાર તાળું માર્યું હોય, તો એમાંથી અર્ધા કલાકમાં બહાર આવવું એ તો સર્વથા અશક્ય જ ગણાય.

ત્રણેયને જુદા જુદા ખંડમાં બંધ કરવામાં આવ્યા. પહેલા ઉમેદવારે વિચાર્યું કે રાજા કેવી અસંભવ વાત કરે છે ? અર્ધા કલાકમાં તો બહારથી બંધ કરવામાં આવેલા તાળાને ખોલીને કઈ રીતે નીકળી શકાય ? આથી નકામી માથાકૂટ કરવાનો કોઈ અર્થ નથી, એમ ધારીને એ ખંડમાં રહેલા સુંદર પલંગ પર સૂઈ ગયો.

બીજો ઉમેદવાર બંધ ખંડમાં આમતેમ આંટા મારવા લાગ્યો અને વિચારવા લાગ્યો કે દરવાજા પર બહાર લગાડેલા તાળાને અંદરથી તે વળી કઈ રીતે ખોલી શકાય ? ખૂબ વિચાર કરવા છતાં એને કોઈ ઉપાય નજરે ન ચડ્યો એટલે બેસી રહ્યો.

એવામાં ત્રીજા ખંડનો દરવાજો ખૂલ્યો અને બહાર ઊભેલા સૈનિકો મોટેથી જયનાદ કરવા લાગ્યા. 'નવા પ્રધાનમંત્રીનો જય હો.'

બાકીના બે ઉમેદવારોના દરવાજા ખોલવામાં આવ્યા. એ બહાર આવ્યા, પણ બેચેન હતા. પોતે જેમાં નિષ્ફળ ગયા, એમાં ત્રીજો ઉમેદવાર કઈ રીતે સફળ થયો?

રાજાએ કહ્યું, ‘હકીકતમાં દરવાજાને તાળું લગાડવામાં જ આવ્યું ન હતું. માત્ર ત્રીજા ઉમેદવાર સિવાય કોઈએ એને ખોલવાનો પણ પ્રયાસ ન કર્યો. જ્યારે ત્રીજા ઉમેદવારે વિચાર કર્યો કે જો રાજાએ નિશ્ચિત સમય આપ્યો છે, તો એનો ઉકેલ તો હોવો જોઈએ. એની સ્ફૂર્તિ, ચપળતા અને વ્યવહારકુશળતાએ એને વિજયી બનાવ્યો.’

બાકીના બંને ઉમેદવારો પોતાની આળસ અને નિષ્ક્રિયતા માટે સ્વયંને દોષ આપવા લાગ્યા.

# ૬. પીડા વિના પુરસ્કાર નથી !

એક ગામથી બીજે ગામ જઈ રહેલો શિલ્પી અત્યંત શ્રમિત થતાં માર્ગમાં એક ઘટાદાર વૃક્ષ નીચે નિદ્રાધીન બની ગયો. ઊંઘમાં એણે અતિ વિચિત્ર સ્વપ્ન જોયું. એણે જોયું કે એ એક ઘટાદાર વૃક્ષની નીચે બેઠો છે. એની સામે આરસપહાણનો એક ટુકડો પડ્યો છે. શિલ્પી છે એટલે, સ્વાભાવિક રીતે જ એ પથ્થર ઉપાડીને એને ટાંકણાથી આકાર આપવા જાય છે, ત્યાં તો પથ્થરનો ટુકડો જોરથી ચીસ પાડીને બોલી ઊઠ્યો,

‘‘મને મારશો નહીં, મને દુભવશો નહીં. મારે કોઈ મૂર્તિ બનવું નથી, મારાથી સહેજે વેદના સહન થતી નથી.’’

આમ બોલીને આરસપહાણનો પથ્થર ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો એટલે મૂર્તિકારે એને બાજુમાં મૂકી દીધો અને બાજુમાંથી એને મનગમતો એવો બીજો આરસપહાણનો ટુકડો પડ્યો હતો, તે લીધો અને ટાંકણાં મારીને દેવીની મૂર્તિ ઘડવા લાગ્યો. આરસપહાણનો આ ટુકડો ચૂપચાપ આ પીડા સહેવા લાગ્યો અને થોડા જ વખતમાં આ શિલ્પીએ એમાંથી દેવીની સુંદર મૂર્તિ સર્જી દીધી. એ મૂર્તિને ઘટાદાર વૃક્ષની નીચે મૂકીને એ આગળ વધ્યો.

થોડા સમય પછી ફરીવાર શિલ્પી એ રસ્તેથી પસાર થતો હતો, ત્યારે જોયું તો વૃક્ષ નીચે એણે ઘડેલી મૂર્તિની પૂજા-અર્ચના થતી હતી. ભજન અને આરતી ચાલતાં હતાં. ભક્તોની ભીડ જામી હતી. દર્શન કરવા માટે લાંબી લાઇન લાગી હતી.

દર્શનનો સમય આવતાં શિલ્પીએ પોતે ઘડેલી મૂર્તિની પાસે જઈને જોયું તો એણે બનાવેલી મૂર્તિની આગળ કંઈ કેટલીયે વસ્તુઓ ધરવામાં આવી હતી. બાજુમાં એણે જે પહેલો આરસપહાણનો ટુકડો લીધો તે પડ્યો હતો. એના પર લોકો જોરથી નારિયેળ ફોડીને મૂર્તિને ચઢાવતા હતા.

એવામાં શિલ્પીની ઊંઘ ઊડી ગઈ અને એ એના સ્વપ્ન વિશે વિચારવા લાગ્યો. એને લાગ્યું કે જે લોકો પીડા કે મુશ્કેલીઓ સહન કરે છે, એ જ એમનું જીવન બનાવી શકે છે અને જગત એમને આદર આપે છે. જેઓ ડરપોક છે અને નાનકડા આઘાતથી પણ ડરીને ભાગવા લાગે છે, તેઓ જીવનભર દુ:ખ સહન કરે છે અને એમને કોઈ આદર આપતું નથી.

# ૭. પાલખીમાં બેસવાનો હક્ક મારી કલાને છે !

મૈસૂર રાજ્યમાં વીણાવાદક શ્રી શેષણ્ણાના વીણાવાદનનું શ્રવણ કરવા માટે દૂર-દૂરથી સંગીતરસિકો આવતા હતા. ચોતરફ એની કલાનું સન્માન થતું હતું અને એની કીર્તિની યશપતાકા લહેરાતી હતી.

આટલી બધી પ્રસિદ્ધિ છતાં શેષણ્ણાના હૃદયમાં સહેજે અહંકાર નહોતો. એનો સ્વભાવ અત્યંત વિનમ્ર હતો અને પોતાને કલાની દેવીનો નમ્ર સેવક માનતો હતો.

એક વાર વડોદરાના રાજા સયાજીરાવ ગાયકવાડે આ વીણાવાદકને પોતાના દરબારમાં પધારવાનું નિમંત્રણ આપ્યું. વીણાવાદક ત્યાં ગયા અને અનેક નામાંકિત વ્યક્તિઓ સમક્ષ દરબારમાં વીણાવાદન રજૂ કરીને સહુને મંત્રમુગ્ધ કરી દીધા.

મહારાજ અતિ પ્રસન્ન થયા, પણ સાથે મનમાં ચિંતા જાગી. એમને થયું કે, ‘‘મૈસૂરના રાજાએ આ કલાકારને કેટલાંય ઇનામ-અકરામ આપ્યાં છે. હવે હું એમને શું પુરસ્કાર આપું?’’

મહારાજા સયાજીરાવ ગાયકવાડે ઊંડો વિચાર કર્યો અને પછી વિચાર્યું, એમને એક સુંદર જડતરવાળી પાલખી ભેટ આપું. સાથોસાથ એમને વિનંતી કરી કે આવતી કાલે દરબારમાં પુનઃ પધારો, ત્યારે પાલખી સાથે આવશો.

શેષણ્ણાએ પહેલાં તો આનો અસ્વીકાર કરવાનું વિચાર્યું, પરંતુ મનોમન થયું કે એમ કરવા જતાં મહારાજાને એમ લાગશે કે આ કલાકાર અભિમાની છે અથવા તો એ એમનું અપમાન કરી રહ્યો છે. બીજી બાજુ એમ પણ થયું કે હવે ધનસંપત્તિ કે આવા ઠાઠમાઠનો કોઈ અર્થ નથી, ત્યારે આનો સ્વીકાર કરવો ખરો ?

આખરે મહારાજાની ભાવનાનો સ્વીકાર કરીને વીણાવાદકે પાલખીનો સ્વીકાર કર્યો અને બીજે દિવસે પાલખી સાથે દરબારમાં આવ્યા. શેષણ્ણાએ પાલખીમાં વીણા મૂકી અને પોતે પગપાળા દરબારમાં પહોંચ્યા.

એમને આવી રીતે આવતા જોઈને મહારાજા સયાજીરાવ બોલી ઊઠ્યા, ''આ શું ? મેં તો આપને બિરાજવા માટે પાલખી આપી હતી અને આપ તો એમાં બેસવાને બદલે પગપાળા આવી રહ્યા છો.''

આ સાંભળી શેષણ્ણાએ કહ્યું, ''મહારાજ, આપે મને જે સન્માન આપ્યું, તે મારી વીણાને કારણે આપ્યું છે. લોકો પણ મને આ કારણે જ સન્માને છે. આથી પાલખીમાં બેસવાનું સન્માન વીણાને મળવું જોઈએ.''

મહારાજા સયાજીરાવ ગાયકવાડ શેષણ્ણાની કલાભક્તિ જોઈને પ્રસન્ન થઈ ગયા.

## ૮. જે સ્વયંને ભૂલે, તે જ શિષ્ય બની શકે !

રાજકુમારને રાજ્ય સોંપીને રાજાએ વિચાર કર્યો કે હવે મારે સંન્યાસ લેવો છે. આને માટે તેઓ એક સંત પાસે આવ્યા અને સંત સાથે ધર્મચર્ચા કર્યા પછી રાજાએ વિનંતી કરી, ‘‘આપ મને આપનો શિષ્ય બનાવો.’’

આ સાંભળી સંતે પૂછ્યું, ‘‘શા માટે શિષ્ય બનવું છે ? એની પાછળ કોઈ કારણ ખરું ?’’

રાજાએ કહ્યું, ‘‘હા ! રાજકાજમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. હવે એકાંતમાં રહેવું છે અને સાધના કરવી છે.’’

સંતે કહ્યું, ‘‘હજી થોડો સમય સંસારમાં રહી આવ. પછી આપણે વૈરાગ્ય વિશે વિચારીશું.’’

રાજા થોડો સમય પુનઃ રાજમહેલમાં ગયા, પણ વૈરાગ્યની એવી તીવ્ર ભાવના કે ફરી પાછા સંતની પાસે આવ્યા અને શિષ્ય બનવાની પોતાની ઇચ્છા પુનઃ પ્રગટ કરી.

સંતે કહ્યું, ‘‘રાજન્, આ નગરમાં તમે ઘણાં દાન-પુણ્યનાં કાર્ય કર્યાં છે. કેટલાયને સહાય કરી છે, તો એક કામ કરો કે ગરીબ, અમીર, ઉચ્ચ-નીચ એ બધા ભેદ ભૂલીને ઘેર ઘેર ફરીને ભિક્ષા માંગો અને પોતાનું ગુજરાન ચલાવો.’’

નગરજનોને દાન આપનારો રાજા ખુદ હાથમાં ભિક્ષાપાત્ર લઈને નગરમાં ભ્રમણ કરવા લાગ્યો. ગરીબ કે અમીર, ઊંચ કે નીચ — જેના ત્યાંથી જે મળે તે લઈને સંતોષ માનતા હતા. થોડા દિવસ પછી એ ફરી સંત પાસે આવ્યા અને કહ્યું, ‘‘જો આપની પરીક્ષામાં હું સફળ થયો હોઉં, તો મને શિષ્ય બનાવી લો.’’

સંતે કહ્યું, ‘‘તમે જરૂર સફળ થયા છો. જેમને તમે આપ્યું હતું તેમની પાસે તમે ભિક્ષા માગતા ત્યારે તમને લેશમાત્ર અકળામણ થઈ નથી. ધન્યવાદ. પણ હજી એક પરીક્ષા બાકી છે. આ નગરમાં જેમ

તમારા હિતેચ્છુ છે, તેમ તમારા શત્રુઓ પણ છે, તમારા વિરોધીઓ પણ વસે છે. કઈ વ્યક્તિઓ તમારી શત્રુ છે તે તમે સારી પેઠે જાણો પણ છો, તો તેમની પાસે જઈને ક્ષમા માગી આવો.''

નગરમાંના પોતાના વિરોધીઓના નિવાસસ્થાને જઈને રાજા નીચા મસ્તકે ક્ષમા માગી આવ્યા અને પછી આવીને સંતને કહ્યું, ''સહુની ક્ષમા માગી, પણ એક જુદો અનુભવ થયો. હવે મને લાગે છે કે આ જગતમાં મારો કોઈ શત્રુ નથી. બધા જ મારા સ્વજન છે અને હું એમનો સ્વજન છું. હવે હું કોની પાસે ક્ષમા માંગું.''

સંતે રાજાને પ્રસન્નતાથી કહ્યું, ''હવે તમે મારા સાચા શિષ્ય. જે સ્વયંને ભૂલી શકે, એ જ શિષ્યત્વ સ્વીકારી શકે. જેને દાન આપ્યું એની પાસેથી તમે દાન લીધું, જેને શત્રુ ગણ્યા એને તમે સ્નેહ આપ્યો. હવે તમે મારા શિષ્ય થવાને સર્વથા યોગ્ય છો.''

રાજાના ચહેરા પર આનંદનો સાગર લહેરાવા લાગ્યો.

## ૯. આબાદ વેશ ભજવવો એ મારી કલા છે !

જાતજાતના હૂબહૂ વેશ લેતા બહુરૂપીએ રાજા ભોજના દરબારમાં જઈને પાંચ મુદ્રાઓની દક્ષિણા માગી. રાજાને બહુરૂપીની માગણી સહેજે પસંદ પડી નહીં, એટલે કહ્યું, ''આ રાજા ભોજ કલાચાહક છે. કલાકારને એના કલાપ્રદર્શન માટે દ્રવ્ય-સન્માનથી સદાય નવાજે છે, પરંતુ એ આ રીતે કોઈને દાન-દક્ષિણા આપતો નથી.''

બહુરૂપીએ કહ્યું, ''મહારાજ, હું પણ હવે મારી કલા બતાવીને આપની પાસેથી પુરસ્કાર મેળવીશ. એને માટે માત્ર મને ત્રણ દિવસ આપો.''

બન્યું એવું કે એ પછીના દિવસે ભોજના મહાનગરની બહાર આવેલા ઊંચા પર્વત પર ઘેટાંબકરાં ચરાવતા ભરવાડોએ કોઈ તપસ્વીને એક પગે ઊભા રહીને ઘોર તપ કરતા જોયા. ભરવાડોનો સમૂહ શ્રદ્ધા-ભક્તિ સાથે આસપાસ એકઠો થઈ ગયો. એમણે પૂછ્યું, ''યોગીરાજ, આ ભૂમિને તમારા કઠિન તપથી પવિત્ર કરવા માટે આપ ક્યાંથી પધાર્યા છો ?''

યોગીરાજે આંખો ખોલી. સામે નજર કરી, પણ એમનો દેહ તદ્દન સ્થિર રહ્યો. નગરમાં જઈને એ ભરવાડોએ સહુને આ વાત કરી. એ સાંભળીને બીજે દિવસે રાજા ભોજના મંત્રીશ્વર સ્વયં તપસ્વીનાં દર્શનાર્થે આવ્યા અને એમના ચરણમાં ભક્તિભાવપૂર્વક સુવર્ણમુદ્રાઓ સમર્પિત કરી, પણ યોગીરાજે એના પર દૃષ્ટિ સુધ્ધાં કરી નહીં. આથી મંત્રીશ્વરને નિરાશ થઈને સુવર્ણમુદ્રા પાછી લઈ જવી પડી.

આ ઘટનાઓની વાત વાયુવેગે ફેલાવા લાગી. ત્રીજે દિવસે સ્વયં રાજા ભોજ તપસ્વીનાં દર્શનાર્થે આવ્યો અને એમના ચરણમાં અલંકારો અને ભેટસોગાદો મૂકીને આશીર્વાદની યાચના કરી, પરંતુ યોગીરાજે મૌન ધારણ કર્યું હોવાથી રાજાને નિરાશ થઈને પાછા જવું પડ્યું.

ચોથા દિવસે પેલો બહુરૂપી રાજા ભોજના દરબારમાં ઉપસ્થિત

થયો અને બોલ્યો, ''મહારાજા, તપસ્વીનો વેશ લેનારો બીજો કોઈ નહોતો, પણ એ પોતે જ હતો.'' અને આમ કહીને એણે પોતાના કલાપ્રદર્શન માટે પાંચ મુદ્રાની માગણી કરી.

રાજા ભોજે કહ્યું, ''અલ્યા, આ ધરતી પર તારા જેવો બીજો કોઈ મૂર્ખ નહીં હોય, મેં તારા ચરણમાં સુવર્ણજડિત અલંકારો મૂક્યા હતા અને એને સ્વીકારવાની પ્રાર્થના કરી હતી. ત્યારે તેં આંખ પણ ખોલી નહીં અને હવે પાંચ મુદ્રા માગી રહ્યો છે ?''

બહુરૂપીએ કહ્યું, ''મહારાજ, આબાદ વેશ ભજવવો એ મારી બહુરૂપીની કલા અને ધર્મ છે. એ સમયે મારે માટે સઘળા વૈભવો તુચ્છ હતા. યોગીરાજની અનાસક્તિ મારે જાળવવી પડે તેમ હતી, પણ અત્યારે તો તમારી પાસેથી મારી કલા અને પરિશ્રમને માટે પુરસ્કાર માગું છું.''

# ૧૦. સહુ કોઈ મરણથી ભય અનુભવે છે !

પોતાના અપ્રતિમ પરાક્રમથી મહારાજા શતદ્રુમે વિશાળ સામ્રાજ્ય અને અપાર ઐશ્વર્ય હાંસલ કર્યું હતું. એમની કીર્તિ સર્વત્ર ફેલાયેલી હતી અને અનેક દેશના રાજાઓએ એમની સમક્ષ શરણાગતિ સ્વીકારી હતી. પોતાના આ વિશાળ સત્તાવૈભવને જોઈને મહારાજા શતદ્રુમ અત્યંત પ્રસન્ન હતા, પરંતુ ધીરે ધીરે વૃદ્ધાવસ્થા ઘેરી વળતાં એમના ચહેરા પરથી પ્રસન્નતા ઓછી થતી ગઈ. મૃત્યુ ક્યારે ઘેરી વળશે એનો ભય સતાવવા લાગ્યો. રાજવૈદ્યે એમને બચાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ એ ફાવ્યા નહીં અને મહારાજા શતદ્રુમની અંતિમ ઘડી આવી પહોંચી, પરંતુ એમની જિજીવિષા એટલી પ્રબળ હતી કે હજી એમને જીવવાની ઉત્કટ ઇચ્છા હતી.

એમણે મહારાણી અને પોતાના મંત્રીમંડળને બોલાવીને કહ્યું, ‘મારા અવસાન પછી મારા મૃતદેહનો અગ્નિસંસ્કાર કરશો નહીં. કોઈ એવા તેજસ્વી અને ચમત્કારિક યોગીને શોધી લાવજો કે જે મારા મૃત શરીરમાં પુનઃ પ્રાણનો સંચાર કરી શકે.’

રાજા શતદ્રુમનું અવસાન થયું, પરંતુ એમની આજ્ઞા પ્રમાણે એમના દેહને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો નહીં. સંયોગવશ એવું બન્યું કે મહારાણી અને મંત્રીમંડળને એક મહર્ષિનો મેળાપ થયો અને એમણે મહર્ષિને વિનંતી કરી, ત્યારે મહર્ષિએ કહ્યું,

‘પહેલાં મારે એ જાણવું પડશે કે મૃત્યુ પછી મહારાજાનો જીવાત્મા ક્યાં ગયો અને એણે કઈ યોનિમાં જન્મ ધારણ કર્યો છે. મારા યોગબળથી હું એ જાણી શકીશ ખરો, પરંતુ મહારાજાનો જીવ જે યોનિમાં હશે એ યોનિના શરીરમાંથી એ જીવને મુક્ત કરવાની જવાબદારી તમારા સહુની. હું કોઈ પ્રાણીની હત્યા કરી શકું નહીં. હા, હું એ જીવાત્માને મહારાજના શરીરમાં પુનઃ પ્રવેશ કરાવી શકીશ.’

સહુને મહર્ષિની વાત યોગ્ય લાગી. મહર્ષિએ યોગબળથી જાણ્યું કે રાજા શતદ્રુમ રાજમહેલના ઉદ્યાનમાં એક કીડા રૂપે જન્મ્યા છે. સેનાપતિ એ કીડાને મારવા ગયા, ત્યારે એ ભયથી આમતેમ છુપાઈ ગયો. આ જોઈને મહર્ષિ હસ્યા અને બોલ્યા, 'જુઓ, આ જ છે મરણનો ભય. આ કીડો જેટલો પોતાના મૃત્યુથી ભયભીત છે, એટલો જ ભય મહારાજ શતદ્રુમમાં પણ હતો. એ સમયે મહારાજ એમના પૂર્વશરીરમાં જેટલા સુખી હતા, એટલા જ સુખી અત્યારે પણ છે. તો પછી તમે એમને વ્યર્થ શા માટે પરેશાન કરો છો?'

મહર્ષિની વાત સહુને સમજાઈ અને મહારાજા શતદ્રુમના દેહનો અગ્નિસંસ્કાર કરવાનું નક્કી કર્યું.

# ૧૧. ધન પ્રજાનું, તો રાજાનો ભંડાર કઈ રીતે ?

સમ્રાટ ચંદ્રગુપ્તની રાજસભાના ઉચ્ચ અધિકારીને પારાવાર આશ્ચર્ય થયું. એણે જોયું કે રાજમહેલમાં રસોઈ બનાવવા માટે વપરાતું બળતણ તોળી તોળીને આપવામાં આવતું હતું. પહેલાં તો અધિકારીને થયું કે નક્કી, સમ્રાટ ચંદ્રગુપ્તનું શાસન કોઈ અતિ કંજૂસ અને લોભી રાજવીનું શાસન લાગે છે. આવું ન હોય તો આમ બળતણ જોખી જોખીને તે અપાતું હશે ? એણે વિચાર્યું કે એના ઘરમાં પણ એ રસોઈ માટેનું બળતણ જોખી જોખીને આપતો નથી.

આવી પરિસ્થિતિથી અકળાઈને એ મહામંત્રી ચાણક્યને મળવા ગયો. સમ્રાટ ચંદ્રગુપ્તનો કારભાર ચાણક્યની સલાહ પ્રમાણે ચાલતો હતો. એમની પાસે જઈને ઉચ્ચ અધિકારીએ ફરિયાદના સૂરમાં કહ્યું, 'આવા વિશાળ રાજ્યમાં અને આટલો બધો ધનવૈભવ હોવા છતાં રોજેરોજ રસોઈ માટેનું બળતણ તોળવામાં આવે, એ તો મોટી કંજૂસાઈ કહેવાય. નગરમાં સામાન્ય માનવી પણ આવી કંજૂસાઈ કરતો નથી, ત્યારે સમ્રાટ શા માટે આવી કંજૂસાઈ કરે છે ?'

ચાણક્યે રાજસભાના અધિકારીને શાંત પાડ્યો અને કહ્યું, 'કંજૂસાઈ અને કરકસર વચ્ચેનો ભેદ તમે જાણો છો ? રાજના ભંડારનો એક પણ પૈસો ખોટી રીતે ન વપરાય, એના માટેની આ તકેદારી છે.'

'પણ આવી તકેદારીથી શું વળે ? શું રાજભંડાર ધનથી છલકાઈ જશે ?'

ચાણક્યે કહ્યું, 'સાંભળો, રાજાના ભંડારમાં જે ધન આવે છે, તે પ્રજા પાસેથી કરવેરા રૂપે પ્રાપ્ત થયેલું હોય છે, તો પછી દ્રવ્ય પ્રજાનું હોય, તો એ રાજાનો ભંડાર કઈ રીતે કહી શકાય ?'

અધિકારી વિચારમાં પડી ગયો. એણે કહ્યું, 'જેનું ધન હોય, એ જ એનો માલિક ગણાય.'

'જો આવું જ હોય તો આ માલિક પ્રજાએ રાજ્યને આપેલું ધન

છે અને તેથી એનો સહેજે દુર્વ્યય રાજ કરી શકે નહીં. રાજાને તો પ્રજા એનું ધન સોંપે છે અને પછી રાજાની એ ફરજ હોય છે કે એક પાઈ પણ ન વેડફાય એ રીતે એ ધનનો ઉપયોગ કરવો. અને તેથી જ મેં રસોડાનું બળતણ તોળી તોળીને આપવાની વ્યવસ્થા કરી છે. પ્રજા રાજાને પૈસા આપે છે, એ ઉડાડી દેવા માટે હોતા નથી.'

રાજ્યનો ભંડાર એ હકીકતમાં પ્રજાનો જ ભંડાર છે એવું સમજાતાં ઉચ્ચ અધિકારીનો ઉકળાટ શમી ગયો !

# ૧૨. સેવાની યોગ્યતા વિના રાજપદ શોભે નહીં !

નિઃસંતાન રાજા દુર્ગાદત્ત અત્યંત બેચેન રહેતો હતો. એને રાતદિવસ પોતાના વિશાળ સામ્રાજ્યના વારસદારની ચિંતા કોરી ખાતી હતી. લગ્નજીવનનાં ઘણાં વર્ષો વીત્યાં હોવાથી રાજા અને રાણીએ શિવાનંદ નામના એક નવજાત શિશુને દત્તક લીધો. પણ બનવાકાળે દોઢેક વર્ષ બાદ મહારાણીની કૂખે એક સુંદર બાળકનો જન્મ થયો. હવે મહારાણી શિવાનંદને બદલે પોતાના પુત્ર ચંદ્રદત્તનું વિશેષ લાલન-પાલન કરવા લાગી, જ્યારે એનાથી વિપરીત રાજા દુર્ગાદત્ત બંને બાળકોને સમાન સ્નેહથી ઉછેરતા હતા.

રાજા અને રાણીએ રાજપાટ છોડીને સંન્યાસ લઈને વનમાં આખરી જિંદગી વ્યતીત કરવાનો નિરધાર કર્યો. આ સમયે મહારાણી ઇચ્છતી નહોતી કે શિવાનંદ ઉંમરમાં મોટો હોવા છતાં એને રાજગાદી મળે. તેથી એણે ચંદ્રદત્ત રાજા બને તે માટે રાતદિવસ એક કર્યાં. અનેક યુક્તિ-પ્રયુક્તિઓ રચવા લાગી.

એક દિવસ મહારાણીએ રાજા સમક્ષ નવા રાજાની પસંદગીની વાત કરી. રાજાએ કહ્યું, 'સેવાની યોગ્યતા વિના રાજપદ શોભે નહીં. રાજા પ્રજાનો અદનો સેવક છે.'

છ મહિના પછી બંને રાજકુમારોમાંથી યોગ્ય રાજકુમારની પસંદગી કરવાનું નક્કી કર્યું.

શિવાનંદ તો ઋષિના આશ્રમમાં વિદ્યાભ્યાસ માટે ચાલ્યો ગયો, જ્યારે રાજાનો નાનો પુત્ર ચંદ્રદત્ત રાજ્યમાં જ રહીને રાજગાદી મેળવવા માટે જાતજાતની ગોઠવણો અને પેંતરા રચવા લાગ્યો.

છ મહિના પછી રાજાએ બંનેની પરીક્ષા કરવાનું નક્કી કર્યું. એમની શસ્ત્રપરીક્ષા કરી અને બંને સમાન પુરવાર થયા. એ પછી

બંનેને એક-એક બીમાર વ્યક્તિની સેવા કરવાનું કહ્યું. ચંદ્રદત્તે તરત જ રાજવૈદ્યને બોલાવ્યા અને એ બીમારને ઔષધ આપ્યું તેમજ રાજસેવકોને તાકીદની આજ્ઞા કરી કે આ બીમારની પૂરતી સંભાળ લેવી. એ માગે તે ચીજ-વસ્તુ તત્કાળ હાજર કરવી. એની સેવામાં કોઈ કચાશ રાખવી નહીં.

જ્યારે શિવાનંદે રાજવૈદ્યને ઔષધિની વ્યવસ્થા કરવાનું કહ્યું, પરંતુ એ અન્યને સેવા-શુશ્રૂષા સોંપવાને બદલે પોતે સેવા કરવા લાગ્યો અને જ્યાં સુધી બીમાર સાજો ન થયો, ત્યાં સુધી એની પાસે રહ્યો.

રાજાએ પ્રજા-દરબારમાં બંને રાજકુમારોની વાત કરીને પ્રજાને રાજાની પસંદગી કરવા કહ્યું, ત્યારે બધાએ એક અવાજે શિવાનંદનો રાજા તરીકે સ્વીકાર કર્યો.

# ૧૩. તર્કજાળમાં સત્ય કદી ફસાતું નથી !

ધર્મગુરુ પાસે જઈને એક નાસ્તિકે તર્ક લડાવતાં કહ્યું, 'જો હું ખજૂર ખાઉં તો મને પાપ લાગે ખરું ?'

ધર્મગુરુએ કહ્યું કે, 'ના. ખજૂર ખાવામાં સહેજે પાપ નથી. જરૂર ખાઈ શકાય.'

નાસ્તિકે વળતો પ્રશ્ન કર્યો, 'જો હું ખજૂરની સાથે થોડું પાણી મેળવીને ખાઉં, તો મને પાપ લાગે ખરું?'

ધર્મગુરુએ કહ્યું, 'ના. એવું કરવાથી પણ પાપ લાગે નહીં.'

નાસ્તિકે કહ્યું, 'તો પછી મને આપ એ કહો કે ખજૂરના પાણી સાથે થોડું આથો ચડાવે તે ખમીર મેળવીને ખાઉં, તો એનાથી કોઈ ધર્મબાધ નડે ખરો ?'

ધર્મગુરુએ શાંતિથી કહ્યું, 'ના, સહેજે નહીં.'

આ સાંભળી નાસ્તિકે તર્ક કરતાં કહ્યું, 'તો પછી ધર્મગ્રંથોમાં દારૂને શા માટે વ્યસન કહ્યું છે અને દારૂ નહીં પીવાનો કેમ વારંવાર ઉપદેશ આપ્યો છે. દારૂ તો આ ત્રણને મેળવવાથી જ બને છે ને !'

ધર્મગુરુએ નાસ્તિકના પ્રશ્નનો ઉત્તર આપવાને બદલે વળતો સવાલ કર્યો, 'ખેર ! તું મને એક વાત કહે કે હું તારા માથા પર એક મુઠ્ઠી ધૂળ ફેંકું, તો તને એનાથી કોઈ જખમ થશે ખરો ?'

'ના.'

ધર્મગુરુએ કહ્યું, 'અને જો એ ધૂળની સાથે થોડુંક પાણી ભેળવું અને પાણીવાળી ધૂળ તારા માથા પર નાખું, તો તને કોઈ ઈજા થશે ખરી ?'

નાસ્તિકે કહ્યું, 'ના.'

'અને જો હું માટી અને પાણી સાથે થોડા પથ્થર ભેગા કરીને તારા માથા પર ફેંકું, તો તને કંઈ થશે ખરું ?'

'તો તો મારું માથું ફૂટી જાય.'

ધર્મગુરુએ શાંતિથી કહ્યું, 'હવે મને વિશ્વાસ છે કે તને તારા પ્રશ્નનો ઉત્તર મળી ગયો હશે.'

અને નાસ્તિકે એની તર્કજાળમાંથી બહાર આવી ધર્મગુરુની વાતનો સ્વીકાર કર્યો.

# ૧૪. સંકટમાં તો માતૃભાષા જ કામ લાગે !

શહેનશાહ અકબરના દરબારમાં જેમ ચતુર બીરબલ હતો, એ જ રીતે બંગાળના રાજદરબારમાં ગોપાલ ભાંડનું નામ એના વિનોદી સ્વભાવ અને ચતુરાઈ માટે સર્વત્ર પ્રસિદ્ધ હતું. એમ કહેવાતું કે એ કપરામાં કપરા કોયડાઓ એ રમતવાતમાં ઉકેલી આપતો અને મોટામાં મોટાં રહસ્યો આસાનીથી શોધીને ખોલી આપતો હતો. બંગાળના રાજાની રાજસભામાં ગોપાલ ભાંડનું ઘણું માનભર્યું સ્થાન હતું.

એક વાર રાજસભામાં બહુશ્રુત મહાપંડિત પધાર્યા. એમની પાસે દેશની અનેક ભાષાઓનું જ્ઞાન હતું. એ ઉપરાંત અરબી અને ફારસી ભાષા પણ છટાદાર રીતે બોલી શકતા. બંગાળના રાજાએ આ મહાપંડિતનો આદરસત્કાર કર્યો અને મહાપંડિતે જ્ઞાનનો ગર્વ પ્રગટ કરતાં કહ્યું, ‘અનેક ભાષાઓ પર મારું એટલું પ્રભુત્વ છે કે તમને ખ્યાલ પણ નહીં આવે કે મારી માતૃભાષા કઈ? સઘળી ભાષા પર મારો સમાન એકાધિકાર છે.’

એક દરબારીએ નમ્રતાથી પૂછ્યું, ‘પંડિતજી, આ બધી ભાષાઓમાં આપની માતૃભાષા કઈ?’

ત્યારે મહાપંડિતે પોતાનો ગર્વ દાખવતાં કહ્યું, ‘બધી ભાષાઓ પર મારું એવું પ્રભુત્વ છે કે તમે ગમે તેટલો પ્રયત્ન કરો, તોપણ મારી માતૃભાષા કઈ છે એ શોધી શકશો નહીં.’

મહાપંડિતની અહંકારભરી વાણી સાંભળીને દરબારમાં સન્નાટો છવાઈ ગયો. રાજાએ ગોપાલ ભાંડ તરફ નજર ઠેરવી ત્યારે ગોપાલે કહ્યું, ‘મહારાજ, આ મહાપંડિતની માફક હું ઘણી ભાષાઓનો મહાજ્ઞાની તો નથી, પરંતુ હું જરૂર એટલું શોધી શકું કે એમની માતૃભાષા કઈ છે. માત્ર શરત એટલી કે મને મારી રીતે એની તપાસ કરવાની અનુમતિ આપો.’

મહાપંડિત ખડખડટ હસી પડ્યા અને રાજાને અનુરોધ કર્યો કે આ ગોપાલને જે રીતે મારા સામર્થ્યની પરીક્ષા કરવી હોય તે રીતે કરે. રાજાએ એને અનુમતિ આપી. બીજે દિવસે સહુ સીડી પરથી ઊતરીને રાજદરબારમાં જતા હતા, ત્યારે ગોપાલે પાછળથી આવીને પંડિતજીને જોરથી ધક્કો માર્યો. મહાપંડિત ક્રોધે ભરાયા. એમનો ગુસ્સો ફાટી નીકળ્યો અને મોંમાંથી ગાળો અને અપશબ્દોનો ધોધ વહેવા લાગ્યો.

મહાપંડિત સીડીની નીચે પહોંચ્યા, ત્યારે લોકોને એમની માતૃભાષાની ભાળ મળી ગઈ. ગોપાલે કહ્યું, 'પોપટને તમે રામ-રામ કે રાધેશ્યામ બોલવાનું શીખવી શકો, પરંતુ જ્યારે બિલાડી એને ડોકેથી પકડે ત્યારે ટેં..ટેં... સિવાય બીજો કોઈ અવાજ નીકળતો નથી. આરામના વખતે બધી ભાષા બોલી શકાય, પણ સંકટમાં તો માતૃભાષા જ કામ આપે છે.'

## ૧૫. ઊભા ઊભા વાતો કરીને ભયાવહ રાત વિતાવી.

ઘનઘોર અંધારી રાત હતી. આકાશમાંથી મુશળધાર વર્ષા વરસતી હતી. અણધારી ગર્જના સાથે વીજળી ચમકતી હતી અને સુસવાટાભર્યા પવનથી વૃક્ષો ધ્રૂજતાં હતાં! ઘનઘોર જંગલની વચ્ચે નાનકડી ઝૂંપડીમાં યોગી સૂતા હતા. એવામાં કોઈએ બારણે ટકોરા માર્યા. યોગીએ ઊભા થઈને દરવાજો ખોલ્યો, તો વરસાદને કારણે પાણીથી લથબથ એવો એક યુવાન યોગીની ઝૂંપડીમાં આશરો લેવા માગતો હતો.

યુવાને કહ્યું, 'મહારાજ, આ ભયાનક આંધી અને વરસાદમાં હું માર્ગ ભૂલ્યો છું. રાત પસાર કરવાની ક્યાંય જગા નથી. રાત ગાળવા માટે મને તમારી ઝૂંપડીમાં આશરો આપો.'

યોગીએ પ્રસન્નતાથી આવકાર આપતાં કહ્યું, 'પધારો, તમારું સ્વાગત છે. કેટલા બધા પલળી ગયા છો તમે. હા, મારી ઝૂંપડીમાં બે માણસો આરામથી સૂઈ શકે એટલી જગા નથી, પણ બે માણસો નિરાંતે બેસી શકે એટલી જગા તો છે જ.'

યુવાન અંદર આવ્યો. યોગી અને યુવાન ઝૂંપડીમાં બેસીને વાતચીત કરવા લાગ્યા.

થોડો સમય પસાર થયો હશે, ત્યાં વળી બારણે ટકોરા પડ્યા. યોગીએ ઊભા થઈ ફરી દરવાજો ખોલ્યો. એમણે જોયું કે વરસાદથી ભીનાં થઈ ગયેલાં વસ્ત્રોવાળો એક વૃદ્ધ સામે ઊભો હતો. એનાં ગાત્રો કાંપતાં હતાં. એણે ધ્રૂજતા હાથે યોગીને વિનંતી કરી, 'કૃપા કરીને મને આપ આશરો આપો અને આ ભયાનક આફતમાંથી ઉગારો. મારું આ શરીર ઠંડા પવનના સુસવાટા અને ધોધમાર વરસાદ સહન કરી શકે તેમ નથી.'

યોગીએ પ્રસન્નતાથી આવકાર આપતાં કહ્યું, 'પધારો ! તમારું સ્વાગત છે ! નચિંત થઈને આવો. આપણે સાથે મળીને ભયાનક રાત વિતાવીશું. બરાબરને !'

યુવાન વિચારમાં પડ્યો. ઝૂંપડીમાં માંડ બે વ્યક્તિને માટે બેસવાની જગા છે, ત્યાં વળી ત્રીજા આ વૃદ્ધને કઈ રીતે આશરો આપશે ? એણે પ્રશ્નસૂચક નજરે યોગી સામે જોયું. એના મનનો ભાવ કળી જતાં યોગીએ કહ્યું, 'આ ઝૂંપડીમાં બે માણસો બેસી શકે એટલી જગા છે, પણ ત્રણ માણસો નિરાંતે ઊભા રહીને રાત પસાર કરી શકે તેમ પણ છે. બરાબર ને !'

આમ કહીને યોગીએ પેલા વૃદ્ધને ઝૂંપડીમાં પ્રવેશ આપ્યો અને દરવાજો બંધ કર્યો. યોગીની નાનકડી ઝૂંપડીમાં મુશળધાર વરસાદથી ઊગરવા માટે આ ત્રણેએ સાથે મળીને ઊભા ઊભા વાતો કરીને રાત વિતાવી.

# ૧૬. મારા ફળનું આ છે મૂલ્ય !

જાપાનનો પ્રવાસ ખેડી રહેલા સ્વામી રામતીર્થ એ દિવસોમાં કોઈ અનાજ લેતા નહોતા માત્ર ફળાહાર કરતા હતા. એક દિવસ ટ્રેનમાં પ્રવાસ કરી રહેલા સ્વામી રામતીર્થને કકડીને ભૂખ લાગી. પણ ટ્રેનમાં ફળ મળે ક્યાંથી. એવામાં સ્ટેશન પર ટ્રેન ઊભી રહી. સ્વામીજીએ સહેજ નીચે ઊતરીને આમતેમ જોયું, પણ ક્યાંય ફળની લારી કે દુકાન દેખાયાં નહીં.

ઊંડા નિઃસાસા સાથે તેઓ બોલી ઊઠ્યા, 'જાપાને ભલે આશ્ચર્યજનક પ્રગતિ કરી હોય, પરંતુ ફળની બાબતમાં એ સાવ દરિદ્ર છે.'

એ સમયે ટ્રેનના ડબ્બા પાસે ઊભેલા એક યુવકે આ શબ્દો સાંભળ્યા. એ પ્રવાસે જતી એની પત્નીને મૂકવા માટે આવ્યો હતો. સ્વામી રામતીર્થના શબ્દો સાંભળતાં જ એ જોરથી દોડતો દોડતો સ્ટેશનની બહાર ગયો અને એક ટોપલીમાં ફળ ભરીને લાવ્યો અને સ્વામીજીને કહ્યું, 'લો, આપને માટે ફળ લાવ્યો છું. આપને એની જરૂર છે ને !'

સ્વામી રામતીર્થને લાગ્યું કે આ કોઈ ફળ વેચનારો હોવો જોઈએ, એટલે એમણે એ ફળ લઈને એ યુવકને પૂછ્યું, 'ભાઈ, આનું કેટલું મૂલ્ય મારે ચૂકવવાનું છે ?'

યુવકે કહ્યું, 'આપે કશું મૂલ્ય ચૂકવવાનું નથી. એ આપને માટે જ છે.' પણ સ્વામીજી એમ નિઃશુલ્ક ફળ લે એમ નહોતા એટલે એમણે એ યુવકને આગ્રહપૂર્વક કહ્યું કે તમારે રકમ તો લેવી જ પડશે.

યુવાને વિનમ્રતાથી કહ્યું, 'આપ આ ફળનું મૂલ્ય આપવા માગો છો, તો મારી આપને પ્રાર્થના છે કે આપ તમારા દેશમાં જઈને કોઈ વ્યક્તિને એમ ન કહેશો કે ફળની બાબતમાં જાપાન સાવ દરિદ્ર છે. બસ, આ જ છે એનું મૂલ્ય.'

જાપાની યુવાનનો ઉત્તર સાંભળીને સ્વામી રામતીર્થ અત્યંત પ્રભાવિત થયા. એમણે મનોમન વિચાર્યું જે દેશનો નાગરિક પોતાના દેશની ગરિમાનું આટલું બધું જતન કરે છે, એ દેશ સાચે જ મહાન અને ગૌરવશાળી છે.

## ૧૭. અહંકારી તલવાર સારી કે વિનમ્રતાભરી સોય ?

યુદ્ધના મેદાનમાં તલવારથી શત્રુઓનાં માથાં ઉડાવી દેતો અને રાજકાજમાં કોપાયમાન થાય તો શિરચ્છેદનો આદેશ આપતો અહંકારી રાજા બાબા ફરીદને મળવા ગયો. બાબાને ભેટ આપવા માટે એણે કીમતી તલવાર સાથે લીધી. રાજાએ એ તલવાર બાબા ફરીદને ભેટ ધરતાં કહ્યું, 'બાબા ! આ વીરપુરુષની ભેટ છે. એની આગળ ભલભલા બહાદુર પાણી પીએ છે. આપ મારી આ ભેટને સ્વીકારો.'

બાબા ફરીદે હસીને ઉત્તર વાળ્યો, 'રાજન્ ! હું તમારો શુક્રગુજારું છું કે તમે મને આવી અત્યંત કીમતી તલવાર ભેટ ધરી રહ્યા છો, પરંતુ મારે માટે એ કશાય કામની નથી.'

અહંકારી રાજાને આઘાત લાગ્યો. એણે વળતો સવાલ કર્યો, 'તો આપ મારી પાસેથી ભેટ રૂપે શું સ્વીકારશો ? કઈ ચીજની આપને જરૂર છે.'

'રાજન્ ! આવી એક સો તલવારો કરતાં મારે માટે નાનકડી સોય અને વિનમ્રતા ઘણી ઉપયોગી અને કીમતી છે, કારણ કે સોય અને વિનમ્રતાથી આવી એકસો તલવારોનો હું આસાનીથી મુકાબલો કરી શકીશ.'

મુકાબલો ? આ શબ્દ સાંભળતાં જ રાજાનું ચિત્ત ચમક્યું અને બોલ્યો, 'ક્યાં સોય અને ક્યાં તલવાર ? આ સોય તો બિચારી સીવવાનું કામ કરે છે અને આ તલવાર કોઈને હણવાનું કે કાપી નાખવાનું કામ કરે છે. બાબા, તમને આ બે ચીજના તફાવતની ખબર લાગતી નથી.'

બાબાએ કહ્યું, 'તફાવત બરાબર જાણું છું. આ નાનકડી સોય જોડવાનું કામ કરે છે અને તલવાર તોડવાનું કામ કરે છે. રાજન્ ! તોડવું સરળ છે, પણ જોડવું કઠિન છે. એ જ રીતે વિનમ્રતાથી વ્યક્તિ સહુના હૃદયમાં પ્રેમ જગાડે છે, જ્યારે અહંકારી વ્યક્તિ સહુની નફરતનો ભોગ બને છે. હવે તમે જ કહો, અહંકારી તલવાર સારી કે વિનમ્રતાભરી સોય ? કઈ બાબત કીમતી ગણાય ?'

રાજા બાબા ફરીદનો સંકેત સમજી ગયો. એને પોતાની ભૂલનો ખ્યાલ આવ્યો. એણે કહ્યું, 'આજ સુધી મેં તલવારથી તોડવાનું અને મારવાનું કામ કર્યું હતું, હવે સોય અને વિનમ્રતાથી પ્રજાની ચાહના અને પ્રેમ મેળવવાનું કામ કરીશ.' આટલું બોલીને રાજાએ એના હાથમાંથી તલવાર દૂર ફેંકી દીધી અને બાબા ફરીદ સમક્ષ મસ્તક ઝુકાવ્યું.

# ૧૮. ભીડ સમયે ભગવાન છોડી જાય તે કેવું ?

હૃદયના ભાવ સ્વપ્ન રૂપે આવતા હોય છે !

એક પરમ પ્રભુભક્તને કેવું સ્વપ્નું આવે ?

એણે જોયું કે ઘૂઘવતા વિશાળ સાગરના કિનારે એ જીવનપથ પર ચાલતો હોય એ રીતે ચાલી રહ્યો છે ! એની સાથે એનો એક બીજો સાથી છે અને તે છે સ્વયં ઈશ્વર. ભક્તની બરાબર બાજુમાં જ ભગવાન ચાલી રહ્યો છે. એવામાં સ્વપ્નમાં એણે જોયું તો એના પૂર્વજીવનનું એક એક દૃશ્ય એની સમક્ષ ખડું થયું. એ કોઈ માર્ગ પર ચાલતો હોય, ક્યાંક ફરતો હોય, ક્યાંક પ્રકૃતિને નિહાળતો હોય ! એણે જોયું તો એ જ્યાં જ્યાં ફર્યો, ત્યાં એનાં બે પગલાંની સાથે બાજુમાં બીજી એક પગલાંની જોડ દેખાતી હતી.

એને આશ્ચર્ય થયું, પોતાની સાથે આ તે વળી કોણ ? એની જોડાજોડ કોણ ચાલી રહ્યું છે ? વળી સ્વપ્નમાં ફરી એ બધાં દૃશ્યો એણે જોયાં, તો વિશેષ આશ્ચર્ય એ થયું કે ક્યારેક એની બાજુમાં એ પગલાંની એ જોડ હતી અને ક્યારેક એ જોડ દેખાતી નહોતી. એ જ્યારે મુશ્કેલીના સમયમાં હતો, ત્યારે એને એની બાજુમાં એ પગલાંની જોડ દેખાઈ નહીં.

ભક્તને ભારે દુઃખ થયું. આ તે કેવો ભગવાન કે જે ભીડના સમયે મદદે ન આવે. એને એકલે હાથે જીવનમાં સંઘર્ષ કરવો પડે, આપત્તિઓ સહેવી પડે અને મુશ્કેલી વચ્ચે જીવવું પડે. આથી એણે ઈશ્વરને ફરિયાદ કરી.

'અરે, તું તે કેવો છે ? મેં તને મારું જીવન સમર્પણ કર્યું અને તું કપરે સમયે જ મને છોડી જાય છે ? મારા જીવનમાં જ્યારે જ્યારે મુશ્કેલીઓ આવી, ત્યારે તેં મને છોડી દીધો ?'

આ સાંભળી ભગવાને હસીને હળવેથી કહ્યું, 'અરે પાગલ, મેં તને ક્યારેય, એક ઘડી પણ છોડ્યો નથી. તારી સાથે ને સાથે, સંગાથે જ રહ્યો છું.'

‘તો પછી મારી મુશ્કેલીના સમયમાં મારી બાજુમાં તમારાં પગલાં કેમ દેખાયાં નહીં? મને છોડીને ક્યાં જતા રહ્યા હતા તમે?’

‘જો સાંભળ, તારી મુશ્કેલીના સમયમાં તને જે એક પગલાંની જોડ દેખાઈ, એ તારાં પગલાં નથી, મારાં પગલાં છે. એ કપરે સમયે મેં તને મારા ખભે ઊંચકી લીધો હતો.’

# ૧૯. તમને મારી સેવાનો અવસર આપું છું !

કાશ્મીરના સંસ્કૃત ભાષાના પ્રખર વિદ્વાન કૈવટનું જીવન વિશ્વનિયંતા પરમાત્માની ઉપાસનામાં અને ગ્રંથસર્જનમાં વ્યતીત થતું હતું. ઈશ્વર અને સરસ્વતીની સાધનામાં સદા નિમગ્ન એવા આ વિદ્વાનને ઘરગૃહસ્થી અંગે કશી જાણ નહોતી. એમની પત્ની કાથીનાં દોરડાં વણીને બજારમાં વેચતી હતી અને એમાંથી એમનું ઘરખર્ચ ચાલતું હતું.

કાશ્મીરના રાજાને જાણ થઈ કે એમના રાજ્યના પ્રખર વિદ્વાન કૈવટ અત્યંત નિર્ધન દશામાં જીવી રહ્યા છે, એટલે રાજા સુવર્ણ, રજત અને ધન લઈને કૈવટની પાસે આવ્યા અને વિનયપૂર્વક પોતાની આ ભેટનો સ્વીકાર કરવા માટે આગ્રહ કર્યો. એના ઉત્તરમાં આ વિદ્વાને સહજતાથી કહ્યું કે ‘મારા ઘરમાં કોઈ બાબતની તંગી નથી કે નથી કોઈ ચીજ-વસ્તુનો અભાવ. મારે આ સુવર્ણ કે ધનની કોઈ આવશ્યકતા નથી.’

રાજા નજરોનજર એમના ઘરની દરિદ્ર સ્થિતિ જોતો હતો, આથી એણે એક નવો પાસો ફેંક્યો. એણે કહ્યું, ‘આપ મારા રાજ્યના ભૂષણ સમાન મહાન વિદ્વાન છો અને જો રાજાના રાજ્યમાં વિદ્વાનોને નિર્ધન દશામાં જીવવું પડે તો એ રાજાને પાપ લાગે છે. આથી આપ કૃપા કરીને મારું આ સન્માન સ્વીકારો.’

રાજાનાં વચનો સાંભળીને કૈવટે પોતાનો ગ્રંથ બંધ કર્યો. લેખનસામગ્રી એકઠી કરી અને પત્નીને બોલાવીને કહ્યું, ‘ચાલ, હવે બીજે ક્યાંક જઈએ. આપણે કાશ્મીરમાં રહીએ તો આપણા રાજાને પાપ લાગે છે, તેથી હવે અહીં રહેવું નથી.’

કૈવટનાં વચનો સાંભળીને રાજાએ હાથ જોડીને વિનંતી કરતાં કહ્યું, ‘મને મારા અપરાધની ક્ષમા કરો. પાપની વાત તો મારો અભિપ્રાય હતો. હું તો એટલું જ ઇચ્છતો હતો કે મને આપની સેવા કરવાનો કોઈ અવસર મળે.’

રાજાના આ શબ્દો સાંભળી કૈવટે હસીને કહ્યું, ‘જરૂર, મારી સેવા કરવાનો તમને અવસર આપીશ.’

રાજાએ વળતો પ્રશ્ન કર્યો, ‘તો હવે આપ કહો તે સેવા કરવા હું તત્પર છું.’

વિદ્વાન કૈવટે કહ્યું, ‘જો તમે મારી સેવા કરવા ઇચ્છતા હો, તો એવી સેવા કરો કે તમે અહીં ફરી ક્યારેય આવો નહીં અને રાજસેવકોને ક્યારેય મોકલશો નહીં. મારા અધ્યયનમાં આનાથી ખલેલ પડે છે. આ મારી સૌથી મોટી સેવા થશે.’

# ૨૦. પહેલાં ઘોર ઉપેક્ષા અને પછી પૂર્ણ આદર ?

પ્રતાપી રાજાના દરબારમાં એક ઉત્કૃષ્ટ ચિત્રકાર આવ્યો. એણે કીમતી વસ્ત્રો પરિધાન કર્યાં હતાં. દેહ પર કેટલાય અલંકારો ધારણ કર્યા હતા. એની પાસે પોતાનો મોટો ચિત્રસંપુટ હતો અને એવી આશા હતી કે કલાપારખુ રાજા એના દોર-દમામને જોઈને જ પ્રભાવિત થઈ જશે અને તરત જ એનો પરિચય માગશે.

કિંતુ વાત સાવ વિપરીત બની. ચિત્રકાર દરબારમાં પ્રવેશ્યો. દૂરની જગા પર સ્થાન ગ્રહણ કર્યું. રાજાએ એના તરફ કોઈ વિશેષ ધ્યાન પણ આપ્યું નહીં. ચિત્રકારને મનોમન માઠું લાગ્યું. એના જેવા પ્રસિદ્ધ કલાકારની આવી અવજ્ઞા! પણ ચૂપચાપ મૂંગે મોંએ બેસી રહ્યો અને પછી રાજાનું ધ્યાન એના પર પડતાં એણે ઊભા થઈને અભિવાદન કર્યું.

પોતાનો ચિત્રકાર તરીકે પરિચય આપ્યો. પોતે મેળવેલી સિદ્ધિ અને પદવીની વાત કરી, પરંતુ રાજાએ એ દીર્ઘ પરિચય ધ્યાનથી સાંભળ્યો પણ નહીં. આખરે ચિત્રકાર એનો સંપુટ ખોલીને રાજાને ચિત્રો બતાવવા લાગ્યો. એનાં ચિત્રો જોઈને રાજા અતિ પ્રસન્ન થઈ ગયો અને આદરપૂર્વક પોતાની બાજુમાં બેસવા માટે આસન આપ્યું.

એ પછી એની કલાથી પ્રસન્ન થઈ રાજાએ એનાં ચિત્રો લીધાં અને પુષ્કળ ધન આપ્યું. દરબારમાં એની પ્રશંસા કરી, એટલું જ નહીં, પરંતુ પુનઃ દરબારમાં પધારવા માટે હાર્દિક નિમંત્રણ આપ્યું.

રાજાનું આવું વર્તન જોઈને ચિત્રકાર અત્યંત આશ્ચર્ય પામ્યો. પહેલાં ઘોર ઉપેક્ષા અને પછી પૂર્ણ સમાદર ! એણે જિજ્ઞાસાવશ રાજાને પૂછ્યું, 'તમારા વર્તનનો વિરોધાભાસ હું સમજી શક્યો નથી. દરબારમાં આવ્યો, ત્યારે મારી ઉપેક્ષા કરી અને પછી આટલું બધું સન્માન કર્યું. આવું કેમ ?'

રાજાએ કહ્યું, 'હું વ્યક્તિનાં વસ્ત્ર કે આભૂષણને મહત્ત્વ આપતો નથી. કીમતી વસ્ત્રો અને મૂલ્યવાન અલંકારો કોઈ પણ વ્યક્તિ મેળવી શકે છે. એની યોગ્યતાનું એ પ્રમાણપત્ર નથી. આથી તમારાં ઉત્તમ વસ્ત્રો કે અલંકારો મને સહેજે આકર્ષી શક્યાં નહીં, તેથી મેં તમારા પ્રત્યે સહેજે લક્ષ્ય આપ્યું નહીં; પરંતુ તમારાં ચિત્રો જોતાં એમ લાગ્યું કે તમે ખરેખર ઉત્કૃષ્ટ કલાશક્તિ ધરાવો છે અને તેથી મારે તમારું ઉચિત સન્માન કરવું જોઈએ. આ સન્માન તમારાં વસ્ત્રો કે અલંકારોનું નથી, પરંતુ તમારી કલાસાધનાનું છે.'

# ૨૧. રામ ! તમે ક્યારેય અયોધ્યા આવશો નહીં !

રામ-રાવણ યુદ્ધના બીજા દિવસે મંદોદરીનો પુત્ર બળવાન ઇન્દ્રજિત ધનુષ્યબાણ લઈને મુકાબલો કરવા માટે યુદ્ધભૂમિ પર આવ્યો. આ યુદ્ધમાં એના બાણથી લક્ષ્મણ મૂર્છિત થયા અને સુષેણ વૈદ્યએ શ્રી રામને કહ્યું, 'હિમાલયના દ્રોણાચલ પર્વત પર આવેલી સંજીવની નામની ઔષધિ સૂર્યોદય પૂર્વે જો પ્રાપ્ત થાય, તો લક્ષ્મણને ફરી જાગૃત કરી શકાય.'

દ્રોણાચલ પર્વતની તળેટીમાં હનુમાને સંજીવનીની ઘણી શોધ કરી, પરંતુ તત્કાળ હાથ લાગી નહીં. વળી એમ પણ થયું કે હું જે ઔષધિ લઈ જાઉં અને પછી એને બદલે વૈદ્યરાજ કોઈ બીજી ઔષધિ લાવવાનું કહે, તો વળી પાછા અહીં આવવું પડે અને કામ વિલંબમાં પડે. પરિણામે હનુમાનજીએ આખોય દ્રોણાચલ પર્વત ઉપાડી લીધો. ઔષધિને બદલે આખું ઔષધાલય જ લઈ લઉં, પછી એકને બદલે બીજી ઔષધિ આવી જવાનો ભય કે ફિકર જ નહીં.

પર્વત ઊંચકીને હનુમાનજી અયોધ્યા પરથી પસાર થતા હતા, ત્યારે રામની ચરણપાદુકા મૂકીને અયોધ્યાનું રાજ્ય સંભાળતા ભરતને લાગ્યું કે અયોધ્યા પરથી કોઈ અસુર પસાર થઈ રહ્યો છે. શ્રી રામની અનુપસ્થિતિમાં કોઈ રાક્ષસ અનિષ્ટ કરવાની ઇચ્છાથી આ રાજ્યને માથે ભમી રહ્યો તો નહીં હોય ને !

આથી ભરતે બાણ માર્યું અને હનુમાનજી 'રામ', 'રામ' કહેતાં ધરતી પર પડ્યા. ભરતને ખ્યાલ આવતાં એણે દોડીને હનુમાનજીના પગ પકડી લીધા અને હનુમાનજીએ ભરતને સીતાના અપહરણની, લંકામાં ચાલતા યુદ્ધની અને લક્ષ્મણની મૂર્છાની વાત કરતાં સંત ભરત ચોધાર આંસુએ રડી પડ્યા.

'લંકામાં યુદ્ધ ચાલે છે અને લક્ષ્મણ મૂર્છિત છે' એ સમાચાર જાણીને કૌશલ્યા, કૈકેયી અને સુમિત્રા તથા અન્ય સહુ નંદિગ્રામ દોડી આવ્યાં. હનુમાનજી પાસેથી આ દુઃખદ સમાચાર સાંભળીને કૌશલ્યાએ રામને માટે એક સંદેશો આપ્યો, 'લાખ પ્રયત્નો કરવા

છતાં જો લક્ષ્મણ જીવિત ન રહે, તો તમે ક્યારેય અયોધ્યામાં પાછા આવશો નહીં.'

એ પછી કૈકેયીએ હનુમાનજીને સંદેશો પાઠવતાં કહ્યું, 'રામ, તમે તત્કાળ અયોધ્યા પાછા આવો. વનવાસમાં ઘણો વખત વીતી ગયો છે. તમારા વિના સઘળું સૂનકાર લાગે છે. તમે અયોધ્યા આવો અને તમારે બદલે હું ભરતને યુદ્ધ લડવા મોકલી દઉં.'

આ સાંભળી સુમિત્રાથી રહેવાયું નહીં. એણે રામને સંદેશો મોકલ્યો, 'લક્ષ્મણના પ્રાણ બચે નહીં, તો સહેજે ચિંતા કરશો નહીં. તમે કહેશો ત્યારે એના બીજા ભાઈ શત્રુઘ્નને તમારી સેવામાં મોકલી આપીશ.'

આ સાંભળીને હનુમાનને થયું કે જ્યાં એકબીજાને માટે ત્યાગની આવી પરમ ભાવના હોય, ત્યાં બધાં જ સંકટો આપોઆપ નષ્ટ થઈ જશે !

## ૨૨. ભારો સૂતળીથી નહીં, દોરડાથી બંધાય !

દક્ષિણ ભારતના મહાન સંત અને તમિળ ભાષામાં પદ્યમાં 'કુરુલ' ગ્રંથ લખનાર તિરુવલ્લુવરે ૧૩૩૦ કવિતા અને ૨૬૬૦ કાવ્યપંક્તિઓવાળો આ ગ્રંથ છંદમાં રચ્યો. આ ગ્રંથમાં એમણે વ્યક્તિગત અને પારિવારિક જીવનના આદર્શોની સાથોસાથ રાજ્યશાસન અને સંન્યસ્તધર્મનું નિરૂપણ કર્યું. જન્મે અને વ્યવસાયે સંત કબીરની માફક આજીવન વણકર એવા તિરુવલ્લુવરની પત્ની વાસુહિનું અવસાન થતાં તેઓ સંન્યાસી બની ગયા અને એક આશ્રમમાં વસવા લાગ્યા.

એક વાર એમની આસપાસ એમના શિષ્યો પોતપોતાનું કામ કરી રહ્યા હતા. કોઈ કચરો વાળતું હતું, તો કોઈ કપડાં ધોતું હતું, કોઈ ભોજન બનાવતું હતું, તો કોઈ લાકડાં કાપતું હતું.

આ સમયે એક વ્યથિત ગૃહસ્થ તિરુવલ્લુવરને મળવા આવ્યા અને એમની સાથે ધર્મચર્ચામાં જોડાયા. ગૃહસ્થની બોલવાની ઢબ અને એમના વર્તનથી એમ લાગતું હતું કે તેઓ અત્યંત પરેશાન છે. સંત તિરુવલ્લુવર એમની અતિ વ્યાકુળ મનઃસ્થિતિ પામી ગયા એટલે એમણે ગૃહસ્થને પૂછ્યું અને એના ઉત્તરમાં ગૃહસ્થેકહ્યું,

'ગુરુદેવ, મારો હર્યોભર્યો પરિવાર છે. પુત્ર-પુત્રીઓ, પુત્રવધૂઓ અને પૌત્રો અને પૌત્રીઓ પણ છે. માત્ર મુશ્કેલી એટલી છે કે ઘરમાં કોઈ મારી વાત સાંભળતું નથી. એટલે સુધી કે પૌત્ર ને પૌત્રીઓ પણ મારી વાતની ઘોર ઉપેક્ષા કરે છે. જમાનાની તાસીર જોઈને આજ સુધી હું કોઈને કશું કહેતો નહોતો. બધાને પૂર્ણ સ્વતંત્રતા આપી હતી, તેમ છતાં આજે આવું દુઃખદ પરિણામ ભોગવી રહ્યો છું. આવી તો મેં કલ્પના પણ કરી નહોતી.'

આ સમયે એક શિષ્ય સંતની પાસે આવ્યો અને એણે કહ્યું, 'લાકડાનો ભારો બાંધવા માટે મને જાડું દોરડું આપો.'

સંત તિરુવલ્લુવરે ગૃહસ્થને કહ્યું, ‘જરા સામે પડેલી સૂતળી આને આપો ને.’

આ સૂતળી જોઈને પેલા ગૃહસ્થે કહ્યું, ‘લાકડાનો ભારો બાંધવા માટે સૂતળી? જો સૂતળીથી એ બાંધશો, તો એ તૂટી જશે ને બધાં લાકડાં છૂટાં પડી જશે.’

સંત તિરુવલ્લુવરે કહ્યું, ‘બસ, આમાંથી જ તું તારી વાત સમજી લે. આ દૃષ્ટાંત પરથી તારા ઘરસંસારને સમજ. જો ઘરના મોવડીનું નેતૃત્વ અને અનુશાસન નબળું હશે, તો પરિવાર વિખરાઈ જશે. પરિવારને એક રાખવા અને અનુશાસિત રાખવા માટે તમારે ખુદ દૃઢ અને મજબૂત થવું જરૂરી છે.’

ગૃહસ્થને સંત તિરુવલ્લુવરની વાત સમજાઈ ગઈ.

# ૨૩. બે નાવ પર સવાર થનાર ભટકી જાય છે !

ધનુર્વિદ્યાનું રાત-દિવસ શિક્ષણ લેતા વિદ્યાર્થી દમનની એક જ ઇચ્છા હતી કે પોતે બીજા વિદ્યાર્થીઓથી ખૂબ ચડિયાતો ધનુર્ધર સાબિત થાય. એના ગુરુ ધનુર્વિદ્યામાં સમગ્ર દેશમાં પ્રસિદ્ધ હતા અને આ વિદ્યા શીખવાનો દમનનો ઉત્સાહ જોઈને એના પર પ્રસન્ન હતા.

દમનમાં રહેલો સ્પર્ધાનો ભાવ અત્યંત તીવ્ર હતો. એને મનમાં થતું કે સહુ કોઈને પાછળ રાખવા છે અને આ વિદ્યામાં સર્વશ્રેષ્ઠ પુરવાર થવું છે. ગુરુ પાસેથી પૂરી એકાગ્રતાથી વિદ્યા શીખતો હતો, પરંતુ સાથોસાથ મનમાં ભારે બેચેની હતી. સતત એમ થતું કે મારા ગુરુ એ ધનુર્વિદ્યામાં પ્રસિદ્ધ ભલે હોય, પરંતુ હજી એક બીજા ગુરુ કરું અને એમની પાસેથી વધુ જ્ઞાન મેળવીને બીજા વિદ્યાર્થીઓને ધનુર્વિદ્યામાં સર્વથા માત કરી દઉં.

ગુરુનો એ પ્રિય વિદ્યાર્થી હોવાથી એણે બીજા ગુરુ માટે સંમતિ મેળવવાનો વિચાર કર્યો. એણે ગુરુને કહ્યું, 'ગુરુજી, મને ધનુર્વિદ્યા ખૂબ ગમે છે અને હું ઇચ્છું છું કે હું મારું ભવિષ્ય અતિ ઉજ્જવળ બનાવું.'

ગુરુએ બહુ સ્વાભાવિક રીતે કહ્યું, 'તારી વાત સાવ સાચી છે. જો તું મહેનત કરીશ, તો ધનુર્વિદ્યામાં અવશ્ય ઘણી પ્રગતિ કરી શકીશ અને તારી શક્તિ અને ક્ષમતા જોઈને સહુ કોઈ તારા પર પ્રસન્ન થશે.'

દમનના મનમાં સાવ જુદો જ ભાવ અને વિચાર હતો. એણે નમ્રતાથી કહ્યું, 'પણ ગુરુજી, મારે માટે આ વિદ્યામાં પારંગત થવાનો આ જ સમય છે. મારે આ તક ચૂકવી નથી. મને એમ થાય છે કે હું તમારી સાથોસાથ એક બીજા ગુરુ પાસેથી પણ ધનુર્વિદ્યાનું શિક્ષણ લઉં. જ્ઞાનમાં બમણો કે ચડિયાતો બનું.'

ગુરુએ કહ્યું, 'શિષ્ય, બે નાવમાં સવાર થનાર વ્યક્તિ ક્યારેય એના લક્ષ સુધી પહોંચતી નથી. જો તારે આ વિદ્યામાં સફળતા

મેળવવી હોય તો પહેલાં ધનુર્વિદ્યાના મારા શિક્ષણના પારંગત બનવું જોઈએ અને પછી વિશેષ વિચાર કરવો જોઈએ. શિક્ષણ મેળવ્યા પછી સ્વયં પ્રતિભાને વિકસાવવા માટે એકલા અભ્યાસ કરવો જોઈએ. ધનુર્વિદ્યાનું આટલું જ્ઞાન મેળવ્યા પછી તું બીજા ગુરુનો વિચાર કર, તો તે યોગ્ય ગણાશે. અત્યારે તો એક જ હોડી પર સવાર થઈને તારી મેળે તારું લક્ષ્ય હાંસલ કર.'

ગુરુની વાતનો મર્મ પામીને દમન એમની પાસે ધનુર્વિદ્યાના અભ્યાસમાં ઊંડો ઊતરવા લાગ્યો.

## ૨૪. સુવર્ણની ઈંટ તારે માટે અવરોધરૂપ પથ્થર હતી !

શિષ્યે ગળગળા અવાજે ગુરુને કહ્યું, 'ગુરુદેવ, ઘણા લાંબા વખતથી આશ્રમમાં વસું છું અને આપનો સત્સંગ પામું છું, પરંતુ કોણ જાણે કેમ સાધનામાં સહેજે મન લાગતું નથી. ઘણી કોશિશ કરી, કેટલાય ગ્રંથોનું પઠન કર્યું અને આપની શાસ્ત્રવાણીનું શ્રવણ કર્યું, પરંતુ ચિત્ત એકાગ્ર થતું નથી.'

ગુરુદેવે થોડો સમય શિષ્ય તરફ જોયું અને કશુંક પામી ગયા હોય એમ કહ્યું, 'વત્સ, સાવ સાચી વાત છે તારી. અહીં તું ધ્યાનમાં એકાગ્ર થઈ શકે તેવું નથી. તારે ક્યાંક બીજે જઈને સાધના કરવી પડશે. આજે સાંજે આપણે અહીંથી બહાર જઈશું અને કદાચ તને સાધનાને યોગ્ય સ્થળ મળી જાય.'

સૂર્યાસ્ત થતાં જ ગુરુ અને શિષ્ય નગરની બહાર નીકળ્યા. ગુરુના હાથમાં એક કમંડલ હતું અને શિષ્યના હાથમાં એક ઝોળીહતી. શિષ્ય એ ઝોળીને ખૂબ સાચવીને અને સંભાળીને ચાલતો હતો.

એવામાં રસ્તામાં એક સરોવર આવ્યું. શિષ્યને શૌચ જવાની ઇચ્છા થતાં ગુરુને ખૂબ સાવધાનીથી ઝોળી આપીને એ શૌચ માટે ગયો.

થોડેક આગળ ગયો હશે, ત્યાં સરોવરના પાણીમાં કોઈ અવાજ સંભળાયો. એણે જોયું તો એમાં કશુંક પડ્યું હતું અને ગુરુએ એની ઝોળીમાંથી કાઢીને એ વસ્તુ સરોવરમાં ફેંકી હતી.

આ જોઈને શિષ્ય ધસી આવ્યો અને વ્યગ્રતાથી બોલ્યો, 'ગુરુજી, આ ઝોળીમાં તો સોનાની ઈંટ હતી, એ ગઈ ક્યાં ? શું તમે એને પથ્થર માનીને સરોવરમાં ફેંકી દીધી ?'

ગુરુએ કહ્યું, 'એ તો હવે સરોવરમાં જતી રહી. સાધુને માટે સુવર્ણ શું અને પથ્થર શું ? આ સુવર્ણની ઈંટ તારી એકાગ્રતામાં અવરોધનો પથ્થર બની ગઈ હતી. તારો ધ્યાનભંગ કરાવનારી હતી. હવે તું એકાગ્રતા સાધી શકીશ અને સાધના કરી શકીશ. કહે, હવે તો આશ્રમ ભણી પાછા જઈએ.'

શિષ્યે કહ્યું, 'ચાલો, ગુરુદેવ પાછા જઈએ. હવે મારા મન પરથી ચિંતાનો બોજ ઊતરી ગયો. હવે જરૂર હું એકાગ્રતાથી ઈશ્વરની સાધના કરી શકીશ.'

# ૨૫. હું મારી ઊર્જા નષ્ટ કરવા માગતો નથી !

વિશ્વને ભારતની આધ્યાત્મિકતાનો સંદેશ આપનાર સ્વામી વિવેકાનંદે અસલ ભારતનું દર્શન કરવા માટે દેશનું પરિભ્રમણ કર્યું અને એ પછી વેદાંત જ્ઞાનનો પ્રચાર અને ભારતને માટે આર્થિક મદદ મેળવવાના હેતુથી અમેરિકાના પ્રવાસે ગયા. ૧૮૯૩ની૧૧મી સપ્ટેમ્બરે શરૂ થયેલી વિશ્વધર્મ પરિષદમાં એમણે ભાગ લીધો અને એ દિવસે સાંજે ભાષણમાં એમણે કહેલું, 'બહેનો અને ભાઈઓ' એ સંબોધનને સહુએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું.

એ પછી એક વાર અમેરિકામાં સ્વામી વિવેકાનંદ ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતા. ઠેર ઠેર એમનાં ભાષણો યોજાયાં હતાં. ટ્રેનમાં એમની નજીક બે અમેરિકન યુવાનો બેઠા હતા. સ્વામીજીના પોષાકને જોઈને એમને આશ્ચર્ય થયું.

એ યુવાનોએ સ્વામીજી તરફ જોઈને અંગ્રેજીમાં સતત અપશબ્દો કહેવા માંડ્યા. ક્યારેક એમની મજાક કરતા હતા, તો ક્યારેક એમનો ઉપહાસ કરતા હતા.

સ્વામી વિવેકાનંદ તો ગ્રંથવાચનમાં ડૂબેલા હતા. એમણે આ યુવાનોની ટીકાને સહેજે કાને ધરી નહીં. એવામાં સ્વામી વિવેકાનંદને ઊતરવાનું સ્ટેશન આવતાં એમણે કુલીને અંગ્રેજી ભાષામાં સામાન લેવા માટે સૂચના આપી. આવું કડકડાટ અંગ્રેજી સાંભળી પેલા યુવકો સ્તબ્ધ થઈ ગયા. તેઓ તો એમ માનતા હતા કે જેમની હાંસી ઉડાડે છે, એમને અંગ્રેજી ભાષાનો કક્કોય આવડતો નથી.

યુવકો વિચારમાં પડ્યા. હવે શું કરવું તે સૂઝતું નહોતું. એમને થયું કે આ તો આખું કોળું શાકમાં ગયું. સ્વામી વિવેકાનંદ પાસે આવીને એક યુવક બોલ્યો, 'આપ અંગ્રેજી જાણો છો, તેમ છતાં અત્યાર સુધી કેમ અમારા અપશબ્દો અને આલોચના સાંભળતા રહ્યા. કેમ તમે ગુસ્સે ન થયા ?'

'એમાં ગુસ્સે થવાનું વળી શું ?'

યુવકે કહ્યું, 'તમે અમે શું બોલીએ છીએ તે જાણતા હતા, છતાં ગુસ્સે ન થયા તે અતિ આશ્ચર્યજનક કહેવાય. અમે તમારી કેટલી બધી મજાક ઉડાવી. તમારે કંઈક તો કહેવું હતું ને.'

સ્વામી વિવેકાનંદ બોલ્યા, 'અપશબ્દ કહેવાથી વાણીનો વ્યય થાય છે અને ઊર્જા નષ્ટ થાય છે. હું મારી ઊર્જા આવી બાબતમાં નષ્ટ કરવા માગતો નહોતો, સમજ્યા !'

# સદ્‌વિચાર પરિવાર
## ડૉ. કે. આર. શ્રોફ સેવાસદન

‘સદ્‌વિચાર પરિવાર’ સંચાલિત ડૉ. કે. આર. શ્રોફ સેવાસદનમાં આરોગ્યની સારસંભાળ માટે નીચે મુજબની સેવાઓનો આપ લાભ લઈ શકશો.

- વરિષ્ઠ નાગરિકો માટે આધુનિક રિહેબિલિટેશન સેન્ટર (૪૦ બેડ્સની ક્ષમતા સાથે)
- કૉમ્યુનિટી આંખની હૉસ્પિટલ
- હેલ્થ કેર સહાયક માટે તાલીમ કેન્દ્ર
- વરિષ્ઠ નાગરિકો માટે મલ્ટિસ્પેશિયાલિટી ક્લિનિક
- મહિલાઓ માટે મલ્ટિસ્પેશિયાલિટી ક્લિનિક
- બાળકો માટે ક્લિનિક
- જરૂરિયાતમંદ માટે મફત દવાખાનું
- માનસિક આરોગ્ય ક્લિનિક
- ફિઝિયોથેરાપી અને ઓક્યુપેશનલ થેરાપી સેન્ટર
- ડેન્ટલ ક્લિનિક
- લેબોરેટરી સેવાઓ
- દર્દીની સારસંભાળ માટે ઘરે લઈ જવા માટેનાં મેડિકલ સાધનો
- એમ્બ્યુલન્સ
- હોમ કેર વાન
- કોન્ફરન્સ હોલ
- વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરવા માટે જગ્યા
- તમે અમારો સંપર્ક E-mail: sdparivar.org@gmail.com, svpsevasadan@gmail.com ઉપર તથા આરોગ્યલક્ષી સેવાઓની માહિતી માટે અમારા સેવાસદનના હેલ્પલાઈન નંબર : ૯૮૯૮૩૭૭૭૦૦ ઉપર સંપર્ક કરી શકશો. વધુ માહિતી માટે અમારી વેબસાઈટ : www.sadvicharparivar.org ની મુલાકાત પણ લેતા રહેશો.

---

**સદ્‌વિચાર પરિવાર**

સમર્પણ વિદ્યાપીઠ, રામદેવનગર બસ સ્ટેન્ડ પાસે, ઈસરો રોડ, જોધપુર ટેકરા, અમદાવાદ- ૩૮૦૦૧૫

## સદ્વિચાર પરિવાર સંચાલિત
## શ્રીમતી સવિતાબહેન હસમુખલાલ શાહ
## કૌશલ્ય નિર્માણ કેન્દ્ર

ગ્રામ્ય/શહેરી વિસ્તારની બેરોજગાર ૧૮-૩૮ વર્ષની યુવક/યુવતી માટે ઉત્તમ તક
આપ નોકરી કે ધંધા માટેની શોધમાં છો ? શું આપ બેરોજગાર છો ? ઓછું ભણેલાં છો ?
જો ઉપરના પ્રશ્નોના જવાબ 'હા' માં છે તો
કૌશલ્ય નિર્માણના કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કરી સરકાર માન્ય સર્ટિફિકેટ મેળવો અને
સ્વરોજગારી દ્વારા આવક ઉભી કરો.
રોજગારલક્ષી કોર્સમાં નજીવી ફી સાથે 'વહેલા તે પહેલા'ના ધોરણે પ્રવેશ મળશે.
સદ્વિચાર પરિવાર છેલ્લાં ૬૦ વર્ષથી તાલીમ સહિત સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહ્યું છે.

| ક્રમ. | કોર્સનું નામ | ફી (રૂા.) | સમયગાળો | પાત્રતા |
|---|---|---|---|---|
| ૧. | ઈન્ડ્સ્ટ્રિયલ સીવણ - ગારમેન્ટ મેકિંગ | ૧,૫૦૦/- | ૩ મહિના | ધો.૭ પાસ |
| ૨. | બ્યૂટીપાર્લર અને બ્રાઈડલ મેકઅપ | ૨,૦૦૦/- | ૩ મહિના | ધો.૮ પાસ |
| ૩. | ઈવેન્ટ કેટરીંગ અને બેકરી | ૨,૦૦૦/- | ૨ મહિના | ધો.૮ પાસ |
| ૪. | કમ્પ્યૂટર બેઝીક કોર્સ (CCC) | ૨,૦૦૦/- | ૪૫ દિવસ | ધો.૮ પાસ |
| | ટેલી પ્રાઈમ | ૨,૦૦૦/- | ૪૫ દિવસ | ધો.૧૦ પાસ |
| ૫. | એરકન્ડિશનર અને રેફ્રિજરેટર રીપેરીંગ | ૨,૦૦૦/- | ૪ મહિના | ધો. ૮ પાસ |
| ૬. | કન્ઝ્યુમર સર્વિસીઝ અને રીટેઈલીંગ | ૧,૫૦૦/- | ૨ મહિના | ધો.૧૨ પાસ |
| ૭. | ઈલેક્ટ્રીક વાયરિંગ | ૨,૫૦૦/- | ૩ મહિના | ધો. ૮ પાસ |

**વિશેષતાઓ :**

- નિયમિતતા, સમયપાલન અને મહેનતનો આગ્રહ રહેશે.
- ૧૮ થી ૩૮ વર્ષના યુવક/યુવતી પ્રવેશ મેળવી શકશે.

**અરજપત્રક સાથે જરૂરી પુરાવા :**

- આધારકાર્ડની ઝેરોક્સ
- માર્કશીટની ઝેરોક્સ
- બે પાસપોર્ટ સાઈઝના ફોટા

**અરજી આપવા માટે અને માહિતી મેળવવા માટે તથા તાલીમનું સ્થળ :**


**સદ્વિચાર પરિવાર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર**
અડાલજ ક્રોસ રોડ, મુ.પો. ઉંવારસદ, તા. જિ. ગાંધીનગર-૩૮૨૪૨૪
સંપર્ક : શ્રી જગદીશ સોલંકી Mo. 8154981367 (Director Admin)
Email : spskill.uvarsad@gmail.com

वसुधैव कुटुम्बकम् ।

सद्विचार परिवार

वसुधैव कुटुम्बकम् ।

सद्विचार परिवार



સદ્‌વિચાર પરિવાર સેવા સદન, રામદેવનગર, સેટેલાઈટ (અમદાવાદ)



સદ્‌વિચાર પરિવાર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર, ઉવારસદ (ગાંધીનગર)



સદ્‌વિચાર પરિવાર નરોડા સંકુલ (અમદાવાદ)

www.printvision.in
+91 98250 26302